

ભાઈ! તારી નજર ઠરે એવી કોઈ બાહ્યચીજ જગતમાં નથી,
તારા માટે નજર ઠરે એવી ચીજ જગતમાં તું એક જ છો.

—પૂ. ગુરુદેવશ્રી

કહાન સંવત–૪ [ ૪૮૩ ] ❋ આત્મધર્મ ❋ [ અંક–૭ વર્ષ–૪૦ ] જાન્યુઆરી ૧૯૮૪

## સમ્યગ્દર્શનના આરોહણનો દિવ્ય સંદેશ

આજે માગશર વદ ૮ ના રોજ ભગવાન શ્રી કુંદકુંદદેવનો આચાર્યપદારોહણનો પાવન દિવસ છે અને કુદરતી ક્રમે આજે વીતરાગી જૈનદર્શનના પ્રાણ સમી સમયસારની ૧૧મી ગાથામાં સમ્યગ્દર્શન—આરોહણનો કાળ કેવો હોય તેની વાત આવી છે. આ સમયસારમાં પરમ અધ્યાત્મની ગહન વાત છે. ભગવાન તીર્થંકર જિનેન્દ્રના મુખકમળમાંથી નીકળેલી વાણીને શ્રી કુંદકુંદચાર્યે જગત સમક્ષ જાહેર કરી છે. જન્મ-મરણના અંત આવે એવા અમૃત સાગરની વાત છે. ભગવાન આત્મા જ્ઞાનામૃતના સાગરથી ભરેલો છે, તેની આ વાત છે. શુદ્ધનય એક જ વસ્તુને સત્યરૂપે પ્રગટ કરતો હોવાથી સત્યાર્થ છે, ભૂતાર્થ છે. વ્યવહારનય બધોય, જૂઠા અર્થને પ્રગટ કરતો હોવાથી અસત્યાર્થ છે. અભૂતાર્થ છે. સ્થૂલ અને સુક્ષ્મ રાગ તે આત્મા, રાગને જાણે તે આત્મા, જ્ઞાન તે આત્મા એમ ચારેય પ્રકારના વ્યવહારનયો અભેદ આત્મામાં નહીં હોવાથી અને જૂઠા અર્થને પ્રગટ કરતો હોવાથી અસત્યાર્થ છે. ત્રિકાળી શુદ્ધ અભેદ ભગવાન આત્મા કે જે સદાય વિદ્યમાન છે, પ્રગટ છે, તેને શુદ્ધનય એક જ પ્રગટ કરતો હોવાથી—બતાવતો હોવાથી તે ભૂતાર્થ છે. આવા ભૂતાર્થ સ્વભાવના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પહેલી ગાથામાં સિદ્ધપણાની સ્થાપના કરાવી, છઠ્ઠી ગાથામાં સિદ્ધપણું પામવાના છઠ્ઠીના લેખ લખાયા અને આ અગિયારમી ગાથામાં સિદ્ધ થવાનું સાક્ષાત્ કારણ એવા ભૂતાર્થ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવનો આશ્રય કરાવ્યો છે.

વીર સં. ૨૫૦૨, માગશર વદ-૮ —પૂજ્ય ગુરુદેવશ્રી

—o—

કહાન
સંવત ૪
વર્ષ ૪૦
અંક ૭
[ ૪૮૩ ]




વીર
સંવત
૨૫૧૦
A D. 1984
JAN.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન ગુરુ પ્રસાદ

### * ધૂન લાગવી જોઈએ *

પ્રશ્ન:–સમ્યગ્દર્શન કરવા માટે શું કરવું ?

પૂ. ગુરુદેવશ્રી : સાચો નિર્ણય કરવો.

પ્રશ્ન : નિર્ણય ન થઈ શકે તો શું કરવું ?

પૂ. ગુરુદેવશ્રી:—નિર્ણય ન થઈ શકે તેમ હોય !! બીજા બીજા (સંસારના) તો નિર્ણય કરે છે ને આ ન થઈ શકે તેમ હોય ? ક્ષયોપશમ તો છે જ, માટે નિર્ણય કરવો.

પ્રશ્ન :—આ નિર્ણયની ટૂંકી વિધિ બતાવો ને !

પૂ. ગુરુદેવશ્રી :—એ કોલેજ છોડીને (નિવૃત્તિથી) અહીં નિર્ણય કરવા આવો...એની ધૂન લાગવી જોઈએ ધૂન...કૂતરાને કાનમાં કીડા પડયા હોય ને પછી કેવી વેદનાથી છૂટવા તાલાવેલી હોય. એમ આની ધૂન લાગવી જોઈએ. અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે ને કે કુતુહલ તો કર.

આત્મા આવડો મોટો—એમ ગાણા ગવાય છે પણ મને તો દેખાતો નથી તો છે શું ? એમ એને ધૂન લાગવી જોઈએ. —પૂજ્ય ગુરુદેવશ્રી

તા. ૪-૯-૬૬, રાત્રિચર્ચા.

—o—

# સ્વાનુભવના લક્ષ વગરનો શાસ્ત્ર–અભ્યાસ વ્યર્થ છે

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન ૧૯ મું ]

શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજ તત્ત્વ અજાણ,
તે કારણ તે જીવ ખરે, પામે નહિ નિર્વાણ. ૫૩.

ભગવાન આત્મા એક સમયમાં અભેદ પરિપૂર્ણ વસ્તુ છે. તેનું જ્ઞાન કરી તેનો અનુભવ કરવો તેમાં એકાગ્ર થવું તે શાસ્ત્રનો સાર છે. એ સાર ગ્રહણ ન કરે અને માત્ર શાસ્ત્ર વાંચ્યા કરે તેનું શાસ્ત્ર-ભણતર વ્યર્થ છે. જિનવાણી સાંભળીને, વાંચીને, ધારીને અભેદ આત્માનો અનુભવ કરવો એ તેનું ફળ છે. અંતર-અનુભવની દૃષ્ટિ વગર ચારેય અનુયોગનું ભણતર કરનારાને જડ કહ્યાં છે.

શાસ્ત્ર કહે છે કે તારો આત્મા કર્મ અને રાગથી ભિન્ન છે અને અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણોથી અભિન્ન છે. એક સમયમાં શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર સત્ ચિદાનંદ પ્રભુનો અનુભવ કરવો તે જ શાસ્ત્રભણતરનું ફળ છે. સર્વ શાસ્ત્ર ભણવા પાછળ હેતુ સમકિતનો લાભ પ્રાપ્ત કરવાનો છે. એ હેતુ ન સરે તો શાસ્ત્ર ભણવા પણ કાર્યકારી નથી.

અનેક જીવો શાસ્ત્રો વાંચી, વિદ્યા મેળવી, અભિમાન કરે છે. પણ ભાઈ! એ તારી વિદ્યા–હજારો માણસોને સમજાવવાની શક્તિ તે તારા આત્માને કાંઈ કાર્યકારી નથી. ખ્યાતિ–પૂજા મેળવવા માટે જે શાસ્ત્રો ભણે છે અને આત્માનુભૂતિ કરવાનો પ્રયત્ન કરતો નથી તેનું જીવન અફળ છે. ઉલટું તેને માટે તો પ્રયોજન અન્યથા સાધવાથી શાસ્ત્રજ્ઞાન સંસાર વૃદ્ધિનું કારણ બની જાય છે અને પોતે નિર્વાણમાર્ગથી દૂર જાય છે. આવડતના અભિમાનમાં અટકી સમકિતનો લાભ ચૂકી જાય છે.

મન–ઇન્દ્રિયથી દૂર થા, શી બહુ પૂછે વાત ?
રાગ–પ્રસાર નિવારતાં, સહજ સ્વરૂપ ઉત્પાદ. ૫૪.

ટૂંકામાં ટૂંકી વાત–અખંડાનંદ ભગવાન આત્માનો મન અને ઇન્દ્રિયથી દૂર કરી અંતર અનુભવ કરવાનો છે. બહુ પ્રશ્ન પૂછવાથી કાંઈ ન થાય. પહેલાં જે અનુભવનું કામ કરવાનું છે તે કરી લેવું જોઈએ. મન ને ઇન્દ્રિયથી લક્ષ હટાવી અંતરમાં જવું અને રાગ હટાવી વીતરાગ દૃષ્ટિ કરવી તે જ કર્તવ્ય છે. ભક્તિ-પૂજા-યાત્રા આદિના ભાવ આવે પણ તેનાથી શુભરાગ થશે, ધર્મ નહિ થાય. માટે અહીં તો કહે છે કે મોટી

યાત્રા આત્માની કર! મન ને ઇંન્દ્રિયના વિકલ્પ હટાવી નિર્વિકલ્પ થવું તે સાચી યાત્રા છે. શુભરાગની અને ધર્મની દશા અને દિશામાં મોટો ફેર છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જેવો આત્મા કહ્યો છે ને જોયો છે એવા તારાં આત્માને જોવો ને એમાં ઠરવું તે કરવા જેવું કાર્ય છે. આત્મસ્વભાવમાં એકાગ્ર થતાં રાગનો વિસ્તાર ઘટે અને અરાગ-વીતરાગ સ્વભાવનો વિસ્તાર થાય, આનંદનો ફેલાવો થાય એ કર્તવ્ય છે.

અનુભવ કરનાર-ધર્મ પ્રગટ કરનાર આત્મા પોતે જ છે. પોતે જ અનુભવ કરનાર ને પોતાનો જ અનુભવ કરીને આનંદ લેનાર પણ પોતે જ છે. તેમાં પરમાંથી કાંઈ લેવાનું નથી. અનાકુળ શાંતિનો ડુંગર આત્મા પોતે છે તેની ગાઢ શ્રદ્ધા અને પ્રીતિ થતાં પરને કાંઈ પૂછવાનું રહેતું નથી. પોતે પોતામાં ઠરી જવાનું જ રહે છે. પોતાની શ્રદ્ધા થતાં પરમાં સુખ કે આનંદ છે એવી માન્યતાનો નાશ થઈ જાય છે. કુટુંબ, પૈસા આદિમાં સુખબુદ્ધિ રહેતી નથી. પોતામાં પ્રીતિ થતાં પરની પ્રીતિ આપો આપ છૂટી જાય છે.

જીવ પુદ્ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર,
તજ પુદ્ગલ ગ્રહ જીવ તો શીઘ્ર લહે નિર્વાણ. ૫૫.

સંસારથી પાર થવાનો એક માત્ર ઉપાય આત્માનું ધ્યાન છે. અસદ્ભૂત વ્યવહાર-નયનો વિષય જે કર્મ, શરીર આદિ પુદ્ગલ બધાં આત્માથી અન્ય છે, અશુદ્ધ નિશ્ચયથી ઉત્પન્ન થતાં પુણ્ય-પાપના રાગાદિ ભાવ તે પણ વ્યવહાર છે, આત્માથી ન્યારા છે. પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ બધાં તત્ત્વથી પણ આત્મતત્ત્વ કથંચિત્ જુદુ છે. વિકારી પર્યાયથી તો આત્મા જુદો, પણ અવિકારી પર્યાયથી પણ કથંચિત્ જુદો છે. ગુણ-ગુણીના ભેદ તે પણ વ્યવહાર છે. ભગવાન આત્મા જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણનો પિંડ છે એવો ગુણ-ભેદ પાડીને વિચાર કરવો તે પણ વ્યવહાર છે. સંકલ્પ-વિકલ્પની બધી ક્રિયાઓ આત્મવસ્તુથી ભિન્ન છે. જગતનો બધો વ્યવહાર મન-વચન-કાયાના ત્રણ યોગ અને શુભ-અશુભ ઉપયોગથી ચાલે છે. મારા શુદ્ધ ઉપયોગમાં તે વ્યવહારનો અભાવ છે એટલે કે મારા શુદ્ધ ભાવમાં એ મન-વચન-કાયાનો વેપાર અને શુભાશુભ ભાવનો અભાવ છે.

સત્ચિદાનંદ ગોળો મન-વચન-કાયાથી જુદો જ છે. તેને જુદો માનવો અને જુદો અનુભવવો તે સમ્યગ્દર્શન છે. શુભભાવની દિશા તો પર તરફ છે અને શુદ્ધભાવની દિશા સ્વ-સ્વભાવ તરફ છે.

હું તો સર્વ વ્યવહારની રચનાથી નિરાળો પરમ શુદ્ધ આત્મા છું. આવા પોતાના

આત્માનું ધ્યાન કરવું તે મોક્ષમાર્ગ છે એમ તું જાણ! એમ સંતો કહે છે. શુભભાવ આવે, ન આવે એમ નહિ, અશુભભાવથી બચવા દયા–દાન–વ્રત–ભક્તિ–પૂજા–યાત્રાના ભાવ હોય છે. ન હોય એમ કરીને ઉડાડી દે તો એ જીવ તત્ત્વને જ સમજતો નથી. શુભભાવ છે તો ખરાં, પણ એની મર્યાદા છે કે એ ભાવોથી નિર્મળ આત્માનો ધર્મ પ્રગટ ન થાય. શુદ્ધભાવ ન થાય.

'હું સર્વ વ્યવહારથી રહિત શુદ્ધ એક પ્રકાશમાન ચૈતન્યજ્યોતિ છું. જ્ઞાયક એક પ્રકાશમાન પરમ નિરાકુળ, પરમ વીતરાગી અખંડ દ્રવ્ય છું' એવી રીતે મનન કરીને જે પોતાના આત્મારૂપી ચૈતન્યરતનમાં એકાગ્ર થઈને સ્વરૂપનું ગ્રહણ કરે છે તેને પોતાના સ્વામીપણાથી સંતોષ થઈ જાય છે. શરીર–વાણી–મનનો તો આત્મા સ્વામી નથી પણ દયા-દાન આદિ શુભભાવનો પણ આત્મા સ્વામી નથી. આત્મા તો એક સહજાત્મ શુદ્ધ ચૈતન્યપિંડનો સ્વામી છે, માલિક છે. એ માલિકીમાં જ ધર્મીને સંતોષ થાય છે. પરના સ્વામીપણામાં સંતોષ નથી, અસંતોષ છે. અનંતગુણરૂપી આત્માની પૂંજીનો સ્વામી થતાં ધર્મીને સંતોષ થઈ જાય છે. પરનું સ્વામીપણું માનવું એ તો મૂઢતા છે.

પાઠશાળાનો હું સ્વામી, આટલાં પુસ્તક રચ્યાં તેનો હું સ્વામી, લક્ષ્મીનો હું સ્વામી–લક્ષ્મીપતિ એમ પરના સ્વામીપણાથી મૂઢ જીવ સંતોષાય છે પણ એ તો દુઃખદાયક ભ્રમણા છે. વાસ્તવિક સંતોષ નથી. પોતાના સ્વરૂપના સ્વામીપણામાં જ ખરો સંતોષ થાય છે.

હવે ૫૬ મી ગાથામાં કહે છે કે આત્માનુભવી જ સંસારથી મુક્ત થાય છે.

સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ,
છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન. ૫૬.

જે ભગવાન આત્મા સ્પષ્ટરૂપથી પોતાનું સ્વરૂપ જાણતો નથી. પરોક્ષપણે આત્માનું સ્વરૂપ આમ છે–એમ જાણે છે તેને સંતો કહે છે કે અમે જ્ઞાન કહેતાં નથી. વિકલ્પથી આત્માને જાણે તે સાચું જાણપણું જ નથી. ગાથાએ ગાથાએ વાત ફેરવે છે. એકની એક વાત નથી. જ્ઞાનની લહેરે જાગતો ભગવાન પોતે પોતાને પ્રત્યક્ષ ન જાણે તેને અમે જ્ઞાન કહેતા જ નથી. પ્રત્યક્ષ–આત્માને પ્રત્યક્ષ જાણે તે જ જ્ઞાન છે.

ભાઈ! આ તો મૂળ મારગ છે. જ્ઞાનથી જ્ઞાનનું પ્રત્યક્ષ સ્વસંવેદન થવું તે આત્માનું જ્ઞાન છે. આ તો યોગસાર છે ને! આત્માને આત્મામાં જોડવાની–એકાગ્ર થવાની વિધિ કહે છે. શાસ્ત્રથી અને વિકલ્પથી આત્માનું જ્ઞાન કરવું તે ખરેખર પ્રત્યક્ષ જ્ઞાન નથી. પરમાત્મસ્વરૂપમાં સ્થિત આત્માનું સ્વરૂપ રાગથી–શાસ્ત્રથી ન જણાય.

સંતોની કથની આહાહા....! મારગને સહેલો કરીને સમજાવે છે. ભગવાન! જ્ઞાના-

નંદની જ્યોત! અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રગટ...પ્રગટ....પ્રગટ છો ને! હોવાપણે પ્રગટ છે તેને 'ન હોવાપણે' કેમ કહેવું? તું પૂર્ણ સત્તા 'સતતં સુલભં' ભગવાન! તું તને સુલભ ન હો તો બીજી કંઈ ચીજ સુલભ હોય? તું તારી હથેળીમાં છો એટલે કે તું તને અત્યંત સુલભ છો.

બધાં વ્યવહારથી આત્મા મુક્ત છો. જેમ પરદ્રવ્ય છે તેમ વ્યવહાર પણ હો ભલે, પણ ભગવાન આત્મા અભેદ ચૈતન્યના અનુભવમાં ધર્મી વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર કરવો પડે ને હોવો જ જોઈએ-હોય તો મને ઠીક એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. વ્યવહારનું પૂછડું નિશ્ચયને લાગુ પડતું નથી.

જેમ ઝાંઝવામાં જળ નથી પણ સરોવરમાં છે. તેમ ગુરુવચનમાં બોધ નથી પણ હૃદયસરોવરમાં બોધ ભર્યો છે. અહીં તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એમ કહે છે કે જેણે આત્માને પ્રત્યક્ષ જાણ્યો નથી તે સંસારથી નહિ છૂટે. સમજાણું કાંઈ? જ્ઞાનથી જ્ઞાનને વેદે તે પ્રત્યક્ષજ્ઞાન છે. શાસ્ત્રથી, મનથી, ગુરુવચનથી કે વિકલ્પથી આત્માનું જાણપણું તે પરોક્ષ છે, પ્રત્યક્ષજ્ઞાન નથી.

જુઓ તો ખરા આ યોગસાર! નિર્વિકલ્પ સ્વરૂપને નિર્વિકલ્પ વેદનથી ન જાણે અને માત્ર શાસ્ત્ર આદિથી જાણે તેને સંસાર ન છૂટે. ઇચ્છા વિના છૂટતી દિવ્યધ્વનિમાં આવેલી આ વાત છે. મિથ્યાત્વ એ જ સંસાર છે. મિથ્યાત્વ જાય પછી સંસાર ન રહે. ભગવાન આત્માનું અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન કરી તેમાં સ્થિર થા! વારંવાર અતીન્દ્રિય જ્ઞાનનો સ્પર્શ કર! તને જરૂર સુખ થશે.

લોકોને લાગે કે આ ધર્મ તો બહુ મોંઘો. બહારમાં તો ગમે તેટલી મોંઘવારી હોય તોપણ વધુ પૈસા ખર્ચતા વસ્તુ મળી રહે પણ અહીં તો કહે છે કે અનુભવ વિના સંવર-નિર્જરા ન થાય. લાખ ઉપવાસ કરે પણ અનુભવ ન હોય તેને સંવર-નિર્જરા ન થાય. આ ધરમ તો બહુ મોંઘો!! તેને જ્ઞાની કહે છે કે ભાઈ! ધર્મ તો બહુ સોંઘો છે. બહારની વસ્તુમાં તો પૈસા જોઈએ. બજારમાં લેવા જવું પડે ને આ ધર્મ પ્રગટ કરવામાં તો ક્યાંય જવું પણ ન પડે ને કોઈ બીજાની જરૂર પણ ન પડે. અરે! પણ માણસને પોતાની જાતને જાણવી મોંઘી લાગે છે. તારું પરમાત્મસ્વરૂપ તો તારી પાસે જ બિરાજી રહ્યું છે તેને જાણવું તે મોંઘુ નથી.

જિનેન્દ્ર ભગવાને દિવ્યવાણીમાં આ ઉપદેશ આપ્યો છે કે પોતાના આત્માનું શ્રદ્ધાન-જ્ઞાન ને ધ્યાન એટલે નિશ્ચયરત્નત્રયરૂપ મસાલાના પ્રયોગથી વીતરાગતાની આગ ભભૂકી ઉઠે છે જે કર્મરૂપી ઇંધનને જલાવીને ભસ્મ કરી નાખે છે. આત્માના ધ્યાન વિના કર્મથી મુક્ત કોઈ થઈ શકતું નથી. માટે વાસ્તવમાં આત્માનુભવ જ મોક્ષમાર્ગ છે. સમકિતી બાહ્ય ચારિત્રને મોક્ષમાર્ગ માનતા નથી.

[ અનુસંધાન પાનું ૧૬ ]

# ભોગ–ઉપભોગનું આદિ-મધ્ય-અંતમાં અત્યંત દુઃખમયપણું

( શ્રી ઈષ્ટોપદેશ ગાથા–૧૭ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

[ પ્રવચન ૧૪ મું ]

શિષ્યનો પ્રશ્ન હતો કે આ બહારના ભોગ છે તે અમને સુખનું સાધન થાય છે. અને લક્ષ્મી ભોગનું સાધન છે, લક્ષ્મીથી ભોગની પ્રાપ્તિ થાય છે, તો પ્રભુ! લક્ષ્મીને એટલી તો પ્રસંશાયોગ્ય કહો. !

અજ્ઞાની પૈસાથી સુખ માને છે તે તેની મિથ્યા દૃષ્ટિ છે. તેથી આવી મિથ્યા દૃષ્ટિ છોડાવવા શાસ્ત્રમાં આવો પ્રશ્ન મુકયો છે. પૈસાથી મળેલા ભોગોમાં અજ્ઞાની જીવો સુખ માને છે તે પણ તેની મિથ્યા બુદ્ધિ છે. તે છોડાવવા અહીં ખુલાસો કરેલ છે. પૈસા એ પરદ્રવ્ય છે એ મને મળે તો મને ઠીક એ ભાવ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનું પાપ છોડાવવા આ વાત આચાર્યદેવ કહે છે. પૈસા કમાવા એ પાપ, ભોગ ભોગવવા એ પાપ અને તેનાથી લાભ માનવો એ પણ મિથ્યાત્વ છે–પાપ છે.

અંતર આત્મામાં આનંદ ભર્યો છે. તે આનંદનું સાધન પણ આત્મા છે. એને ઠેકાણે ભોગ ભોગવવામાં આનંદ માનવો અને ભોગનું સાધન લક્ષ્મી છે, માટે તે મેળવવામાં પણ લાભ માનવો તે મોટું મિથ્યાત્વ છે. વળી, ક્ષણે–ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે, તેના બદલે પોતાને વધ્યો એમ માની ખુશ થાય છે તે ખરેખર મિથ્યાત્વમાં વધ્યો છે.

આ આત્મદ્રવ્ય સિવાય કોઈ પણ પરદ્રવ્ય–એક રજકણ પણ મને સુખદાયક છે કે દુઃખદાયક છે એવી માન્યતા જ મિથ્યાત્વ છે, પાખંડ છે, પાપ છે. વનવાસી પૂજ્યપાદ સ્વામીએ એક એક કડી પ્રયોજનવશ લખી છે. લોકોને આ પૈસાની કે ભોગની વાત આવે ત્યાં એમ થાય કે ધર્મમાં આત્માની વાતને બદલે આ પૈસાની વાત કયાં આવી? પણ ભાઈ! પૈસા અને ભોગોમાં લાભબુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. તેને દૂર કરવાની વાત એ આત્માના હિતની વાત છે. પોતાના પ્રયોજનની વાત છે.

ધનથી મળતાં વૈભવો પલંગ, સોફાસેટ, પંખા, મખમલ, લાડવા, મુસંબી એ બધાં પાંચ ઇન્દ્રિયના વિષયો અમને સુખના સાધન છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિને જ્ઞાની કહે છે કે બહારના સાધનમાં તુ સુખ માને છે, તે તારી શ્રદ્ધા વિપરીત છે, ખોટી છે. આત્માથી વિરુદ્ધ શ્રદ્ધા છે માટે તું આત્માનો વિરોધી–વેરી છે. આત્મામાં સુખ છે.

આનંદ છે. આત્મા સુખ અને આનંદની ખાણ છે તેની શ્રદ્ધા કર! ખોટી શ્રદ્ધા છોડી દે. જ્ઞાનીનો આવો ઉપદેશ તે જ ઇષ્ટોપદેશ છે.

૨૪ કલાક તું મથે છે કે હું આમ રળું, આમ કરૂં, આમ કરૂ એ ભાવ તારો મિથ્યા છે. આત્માના શુદ્ધ સાધન તરફ જોતો પણ નથી અને ધનને સુખનું સાધન માને છે તે આત્માથી વિપરીત મિથ્યા ભાવ છે. પૈસાના પ્રલોભનથી દીકરા સેવા કરશે એ માન્યતા પણ મિથ્યા છે. સંસારમાં જીવની વિપરીત દૃષ્ટિ કેવી રીતે પોષાય છે તે બતાવનારો આ ઉપદેશ છે. રાગ-દ્વેષથી જીવને દુઃખ છે. પરચીજ જીવને સુખી-દુઃખી કરી શકતી નથી. આનંદસ્વરૂપ આત્મામાં દૃષ્ટિ કરવાથી સુખ મળે છે પણ બહારમાં સુખ માન્યું છે તે મિથ્યા માન્યતા દૂર કરે ત્યારે અંતરમાં સુખ શોધવા જાય ને!

ઘણાં કહે છે કે ભગવાને અમને ઘણું દીધું છે. પણ અરે! લક્ષ્મી તો ધૂળ છે! તેને કોણ આપી શકે? ભગવાન પણ કોઈ ને કાંઈ ન દઈ શકે. તું કમાઈ પણ ન શકે કેમ કે જડની ક્રિયા આત્મા ન કરી શકે. પૂર્વના પુણ્યથી ધન મળે છે તે વાત પણ વ્યવહારથી સાચી છે. ખરેખર તો એ રજકરણ તો જડ છે તેનાથી પણ લક્ષ્મી ન મળે. લક્ષ્મી પણ એક જાતના રજકરણ છે તે તેના કારણે આવે છે ને તેના કારણે જાય છે. તેમાં ભગવાન કે તારા કમાવાના રાગ ભાવ કે પૂર્વના પુણ્ય કોઈ કાંઈ ફેરફાર ન કરી શકે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે

મારાં પુણ્યે મને ધન મળ્યું એવી તારી માન્યતા પણ પાગલપણું છે કેમ કે તું જીવ છો અને પુણ્યના કારણે બંધાયેલા કર્મો તે જડ છે. હવે જડ કદી જીવના બને ખરા! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું થાય? કદી ન થાય-માટે કહે છે કે બધાં પરદ્રવ્યોમાંથી સુખબુદ્ધિ છોડીને આ આત્મા આનંદમૂર્તિ અનંત આનંદની ખાણ અનંત લક્ષ્મીનો સાગર છે તેની અંતર રુચિ અને દૃષ્ટિ કરવી તે જ લાભદાયક છે તે સિવાય કોઇ પણ પુણ્યના ભાવથી કે પુણ્યના ફળરૂપ લક્ષ્મીથી કે શરીરની અનુકૂળતાથી આત્માને લાભ થાય એ માન્યા તદ્દન મિથ્યાત્વ-અધર્મ-મહાપાપ છે. સાત વ્યસના પાપ કરતાં પણ આવા મિથ્યાત્વનું પાપ મોટું છે. ખરેખર મિથ્યાત્વ એ જ પાપ છે.

ઘણા સમકિતી હોય અને ભોગ ભોગવતાં હોય છતાં એ રાગનો દોષ છે પણ તેમાં તેને સુખબુદ્ધિ નથી. ભોગમાં સુખબુદ્ધિ નથી. માટે એમ પણ કહેવાય કે જ્ઞાની ભોગ ભોગવતા જ નથી. અજ્ઞાની બહારથી ભોગનો ત્યાગ કરે એ સાચો ત્યાગ નથી. પણ ભોગમાંથી સુખબુદ્ધિનો ત્યાગ કરે એ જ સાચો ત્યાગ છે.

અજ્ઞાની જીવના ભિખારાવેડાનો પાર નથી છતાં તે માને કે અમે હોશિયાર છીએ. ધંધામાં કેટલું કષ્ટ સહન કરવું પડે. પસીના ઉતરી જાય એટલી મહેનત કરવી પડે. હલકા માણસને પણ પાંચ પૈસાની કમાણી કરવાના લોભે માન દઈને બે વાર બોલાવવા પડે. આટલાં-આટલાં ભિખારાવેડા કરે અને છતાં માને કે આ તો કમાવાની

કળા છે, અમારી હોશિયારીથી અમે કમાઈએ છીએ, કમાવવામાં ગ્રાહકની આટલી તો હીનતા કરવી પડે અને માને કે મને કમાવાથી સુખ થાય છે.

હવે કહે છે કે એટલું તો અમે માનવા તૈયાર છીએ કે રળવામાં-કમાવામાં ક્લેશ ને આકુળતા છે પણ સુખ નથી. પણ એ તો કહો કે પૈસાથી જે ભોગ ભોગવીએ છીએ તેમાં અમને સુખ થાય છે તે તો સાચું ને! હીંડોળે હીંચકવા મળે, સ્ત્રી પંખો નાંખતી હોય, લાડવાના થાળ ભર્યા હોય, ભોજનની થાળીમાં માખી ન પડે તેનું ધ્યાન રખાતું હોય આ બધાં વૈભવો અને અનુકૂળતા તો સુખનું કારણ છે ને! તો કહે છે કે અરે ભાઈ! કોણ તને અનુકૂળતા આપે અને કોણ તારી સેવા કરે? એ તો બધાં પરદ્રવ્ય છે અને વળી ભોગથી તો ઉલટી તૃષ્ણા વધે છે. એક-બીજાની દેખાદેખી અને ઈર્ષા થાય છે. ભાઈ! સુખ માનવામાં તારી ગણતરી ખોટી થાય છે. મિથ્યાત્વ પોષાય છે. તારું સુખ તો આત્મામાં છે ભાઈ! એક પરદ્રવ્ય-રજકણની પણ તારે જરૂર નથી. તું તારાથી પૂરો છો, તારામાં જ અતીન્દ્રિય આનંદ ભર્યો છે. માટે હવે અંતરમાં જો....જો...તારી દૃષ્ટિ ફેરવ, બહારમાં-પરદ્રવ્યમાં કયાંય તારું સુખ નથી. તારું સુખ તારામાં છે. ત્યાં દૃષ્ટિ કર! તો તને સુખનો અનુભવ થશે. એ જ સુખ સાચું છે. સાધ્ય પણ તું છો અને સાધન પણ તું છે. તારે સુખ પ્રગટ કરવા માટે બહારના સાધનોની જરૂર નથી.

કમાવાના ટાઈમે તો સુખ નથી પણ ભોગ ભોગવતી વખતે પણ સુખ નથી. જેમ જેમ ભોગના સાધન વધે છે તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે. પાંચ લાખ થાય ત્યાં દશ લાખ ભેગા કરવાની તૃષ્ણા જાગે છે. તૃષ્ણાથી જીવ દુઃખી થાય છે. જગતની ચીજ જગતમાં આવે ને જાય તેમાં જીવ કાંઈ ફેરફાર કરી ન શકે પણ મમતાના પોઠિયા જીવો ધૂમાડાંના બાંચકા ભરવા જાય છે પણ ભાઈ! એ હાથમાં નહિં આવે. પરદ્રવ્યના પરમાણુ આવવાના હોય તે આવે અને જવાના હોય તે જાય, તે રોકયાં રહે નહિ ને ટાળ્યાં ટળે નહિ.

મનુષ્યની તૃષ્ણાનો પાર નથી. વધતાં-વધતાં વિશ્વ જેટલી તૃષ્ણા વધી જાય છે. તૃષ્ણાનો ખાડો કદી પૂરાય તેમ નથી. જો ભોગ ભોગવીને સંતોષ પામે તો તો તૃષ્ણાનો અંત આવી જાય પણ એમ બનતું જ નથી. ભોગ ભોગવ્યાં છતાં, મનમાંથી આસક્તિ જતી નથી માટે જ કહે છે કે ધન રળવામાં પણ પાપ, રાખવામાં પણ પાપ, ભોગ ભોગવવામાં પણ અતૃપ્તિ અને અંતે આસક્તિ નહિ જાય. ગૃદ્ધિ છૂટશે નહિ. માટે કયાંય સુખ નથી, તૃપ્તિ નથી, સંતોષ નથી. એ સાબિત કરવા આચાર્યદેવ દ્રષ્ટાંત આપે છે કે કદાચિત ઘાસ ને લાકડાંના ઢગલાંથી અગ્નિ તૃપ્ત થઈ જાય, સેંકડો નદીના પાણીથી સમુદ્ર તૃપ્ત થઈ જાય પરંતુ આ મૂઢની તૃષ્ણાનો ઈચ્છિત ભોગો મરતાં સુધી ભોગવવા છતાં અંત આવતો નથી. તૃષ્ણામાં ને તૃષ્ણામાં મરીને નરકે ચાલ્યો જાય છે.

સમજાણું કાંઈ? મૂઢને ભોગમાં મીઠાશ વેદાય છે. અત્યારે ગઢપણમાં કાંઈ ધંધો ન હોય તો પહેલાં પોતે કરેલું હોય એ બધું યાદ કરીને અભિમાન કરે, મીઠાશ વેદે.

માટે અહીં કહે છે કે ઈચ્છા તો લાંબી-લાંબી ચાલ્યા જ કરે, તું તેનાથી છૂટો પડી જા !

મૂઢ જીવ આ વિષયરૂપી હળાહળ વિષ જબરજસ્તીથી ખાઈને દુર્ગતિમાં રખડે છે. દોડી-દોડીને હોંશથી ચારગતિમાં ભટકાવનારા વિષયરૂપી વિષને સેવે છે. મેડીએથી ઉકળતાં તાવડામાં પડેલા સર્પને માંડ કોઈએ કાઢયો ત્યાં દોડીને બચવા માટે સર્પ ચૂલામાં ઘૂસ્યો ને બળીને ખાખ થઈ ગયો. તેમ આ અજ્ઞાની જીવો તૃષ્ણાવશ પોતાના ચિદાનંદ મૂર્તિ ભગવાન આત્માની શ્રદ્ધા છોડી, પ્રેમ છોડી-એમાં સુખ છે-એવી દૃષ્ટિ છોડી, વિષયમાં સુખ છે એમ માની ગજબના વિષયરૂપી વિષનું સેવન કરે છે. અનંતા ભવો કર્યા પણ ક્યાંય તે ચેત્યો નહિ. દેવ થયો, અબજોપતિ રાજા થયો, કેટલા કેટલા ભોગ ભોગવ્યા છતાં શાંતિ ન મળી તોપણ સમજીને ચેત્યો નહિ. ઉલટો હજી તો લઉં...લઉં ને લઉં-ઝેર ખાઉં... ખાઉં ને ખાઉં. પરાણે દોડીને વિષયરૂપી વિષ ખાવા જાય છે એને ખબર નથી પણ મૂઢપણે આમ દોડી રહ્યો છે.

ભોગ ઉપભોગની શરૂઆતમાં પણ ક્લેશ, મધ્યમાં પણ અશાંતિ ને અંતમાં પણ ક્લેશ એટલે કે કમાવામાં પણ આકુળતા અને ક્લેશ છે. ભોગ ભોગવતી વખતે પણ અતૃપ્તિની અશાંતિ છે અને પછી પણ તૃષ્ણાની લાળથી જીવ દુઃખી થાય છે. આબરૂં માટે પણ જીવ અડધો થઈ જાય છે. એમ નથી સમજતો કે એ તો બધાં પુણ્ય-પાપના લેખા છે તેની સાથે મારા આત્માને કાંઈ સંબંધ નથી.

પાંચ ઈન્દ્રિયો દ્વારા ભોગ ભોગવીને જાણે મને સુખ થશે, તૃપ્તિ થશે એવી મિથ્યા કલ્પના કરે છે. પુણ્ય-પાપના ફળથી મને લાભ થશે એવી મિથ્યા માન્યતા કરે છે તેને કહે છે ભાઈ! આવી મિથ્યા માન્યતાઓ છોડી દે ભાઈ! શાંતિનું સુખનું ધામ તું પોતે જ છો ત્યાં નજર કર! તું તારો પોતાનો વિશ્વાસ કર ત્યારે તને શાંતિ થશે ભાઈ!

હવે છેલ્લો પ્રશ્ન શિષ્ય કરે છે કે પ્રભુ! આપ કહો છો કે તત્ત્વજ્ઞાની ભોગ ભોગવતો નથી, મિથ્યાદૃષ્ટિ જ ભોગ ભોગવે છે પણ અમે તો શાસ્ત્રમાં વાંચ્યું છે કે ત્રણ જ્ઞાનના ધારી તીર્થંકર પણ ૯૬૦૦૦ સ્ત્રીનો ભોગ ભોગવતાં હતાં, ક્ષાયિક સમકિતી શ્રેણિકરાજા પણ હજારો રાણીઓના ભોગમાં પડયાં હતાં આમ અમે વાંચ્યું છે. તો જ્ઞાની ભોગ ન ભોગવે એવો તમારો ઉપદેશ અમારે કેવી રીતે માનવો? તેને જ્ઞાની ઉત્તર આપે છે કે ભાઈ! તું ધીરો થઈને સાંભળ! તું કહે છે કે શાસ્ત્રમાં આમ લખાણુ છે તે વાત સાચી છે. તીર્થંકર ચક્રવર્તી આદિ જ્ઞાની પણ ભોગ ભોગવે છે પણ એ સુખબુદ્ધિથી નથી ભોગવતાં, એમને ભોગ ઝેર જેવા લાગે છે. સુખબુદ્ધિ તો જ્ઞાનીને આત્મામાં હોય છે, ભોગમાં નહિ. અને તને તો વિષય ભોગવવામાં સુખ લાગે છે. સુખબુદ્ધિથી તું ભોગ ભોગવે છો, તે છોડાવવા માટે અમે આ ઉપદેશ આપીએ છીએ

(ક્રમશઃ)

# તારા સુખનું કારણ તારી પાસે જ વર્તમાનમાં મોજુદ છે

[શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

હવે ત્રીજી ગાથામાં નિયમ સાથે સાર શબ્દ કેમ લગાડયો છે તે બતાવે છેઃ—

જે નિયમથી કર્તવ્ય એવા રત્નત્રય તે નિયમ છે;
વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.

**અર્થઃ—નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર. વિપરીતના પરિહાર અર્થે (-જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે. ૩.**

"અહીં (આ ગાથામાં) 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડયો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે."

નિયમ એટલે મોક્ષમાર્ગ; તે કાર્ય છે ને તેનું કારણ જે ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવ છે તે કારણનિયમ છે. તે કારણ નિયમ ત્રિકાળ શુદ્ધ છે. તેના આશ્રયે જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે તે નિયમસાર છે.

સ્વભાવરત્નત્રય બે પ્રકારના છેઃ (૧) ત્રિકાળ (૨) વર્તમાન. મૂળસૂત્રમાં કાર્યનિયમની વાત કરી, તેમાંથી ટીકામાં કારણનિયમની વાત પદ્મપ્રભમલધારિદેવે કાઢી છે. જે ત્રિકાળ સ્વભાવ રત્નત્રય છે તે કારણરૂપ નિયમ છે; ને જે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર પ્રગટે તે કાર્ય નિયમ છે. આ અપૂર્વ વાત છે. કેટલાકે તો જિંદગીમાં સાંભળી પણ નહિ હોય!

નિયમ એટલે ચોક્કસપણે કરવા જેવું કાર્ય; તે રત્નત્રય છે. તેથી રત્નત્રય તે નિયમ છે. તે મોક્ષમાર્ગરૂપ નિયમ છે. અને તેના કારણરૂપ જે ત્રિકાળ સ્વભાવ છે તે કારણરૂપ નિયમ છે. શરીરાદિનાં કાર્ય તો આત્માનાં નથી, તેનાથી આત્માને ધર્મ થતો નથી ને જે રાગ–દ્વેષાદિ ભાવો થાય તે પણ આત્માનું ખરું કાર્ય નથી. સહજ સ્વભાવના આશ્રયે જે નિર્મળ રત્નત્રય પ્રગટે તે જ આત્માનું નિશ્ચય કાર્ય છે ને તે જ નિયમ અથવા મોક્ષમાર્ગ છે. તે કાર્ય પ્રગટવાની ભૂમિકા કઈ? કે સહજ અનંત ચતુષ્ટયમય જે શુદ્ધ જ્ઞાનચેતના તે રત્નત્રયનું કારણ છે એટલે તે કારણનિયમ છે. આ કારણનિયમ આત્મામાં ત્રિકાળ છે. દૃષ્ટિ કરીને એકાગ્ર થતાં કાર્ય નિયમ પ્રગટે છે.

શુદ્ધ જ્ઞાનમય જે ત્રિકાળ સ્વભાવ છે, તેની સાથે સહજ શુદ્ધ ચેતનાપરિણામ પણ ત્રિકાળ છે. અહીં જે શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ કહ્યા છે તે ત્રિકાળ છે. ત્રણ પ્રકારની

ચેતનામાં જે અંતરના આશ્રયે જ્ઞાનચેતના પ્રગટે છે તે તો કાર્ય છે, ને આ શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ સ્વભાવ અનંત ચતુષ્ટયાત્મક ત્રિકાળ છે, કારણરૂપ છે. તેના આશ્રયે કાર્ય પ્રગટ છે.

મોક્ષનું કારણ રત્નત્રય, તે રત્નત્રય નિયમથી કરવા યોગ્ય છે. ને તે રત્નત્રયરૂપી કાર્યનું કારણ સ્વભાવ ચતુષ્ટયમય સહજ ચેતના છે, તે કારણ નિયમ છે.

" જે સહજ પરમપારિણામિક ભાવે સ્થિત સ્વભાવ–અનંત ચતુષ્ટયાત્મક શુદ્ધ જ્ઞાન-ચેતના પરિણામ તે નિયમ (–કારણનિયમ) છે. "

આ પરમપારિણામિક ભાવમાં 'પારિણામિક' શબ્દ હોવા છતાં તે ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિક નયનો વિષય નથી, આ પરમ પારિણામિક ભાવ તો ઉત્પાદ-વ્યય નિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

ભરતક્ષેત્રને વિષે આ નિયમસારની જે ટીકા પદ્મપ્રભમલધારિદેવે કરી છે તેવી ટીકા બીજે ક્યાંય નથી. જંગલમાં વસતાં, આત્માના અનુભવમાં બોળી બોળીને આ ટીકા કાઢી છે. તેઓ અપૂર્વ વારસો મૂકી ગયા છે.

નિયમથી કરવાયોગ્ય રત્નત્રય તે કાર્ય છે–એમ મૂળ સૂત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે કહ્યું. તેમાંથી ટીકામાં તેના કારણની વાત કરી. રત્નત્રયરૂપી કાર્યનું કારણ કોણ? કે સહજ પરમપારિણામિક ભાવે સ્થિત એવો સહજ અનંત ચતુષ્ટયાત્મક શુદ્ધ ચેતના-પરિણામ તે કારણ નિયમ છે. આ દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

પ્રશ્નઃ—અહીં જે સહજ પરમપારિણામિકભાવમાં સ્થિત શુદ્ધ ચેતનાપરિણામ કહ્યા છે તે સામાન્ય ધ્રુવ છે? કે વિશેષ ધ્રુવ છે?

જેમ સામાન્ય ધ્રુવ ત્રિકાળ છે તેમ તેના સહજ પરિણામ પણ ધ્રુવ છે, ઉત્પાદ-વ્યય વિનાના છે. ત્રિકાળ ધ્રુવ અને તેનું શુદ્ધ વર્તમાન પણ ધ્રુવ; આ બન્ને દ્રવ્યાર્થિક-નયનો જ વિષય છે, પરિણામ કહેવા છતાં તેમાં ઉત્પાદ-વ્યય નથી. જેમ સહજ પરમ-પારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવ છે, તેમ તેમાં સ્થિત આ સ્વભાવ ચતુષ્ટયમય શુદ્ધ ચેતના પરિણામ પણ ધ્રુવ છે. તે કારણરૂપ છે, દરેક આત્માઓમાં ત્રિકાળ રહેલ છે. સંસાર-પર્યાય કે મોક્ષપર્યાય તો એક સમયની ઉત્પાદ-વ્યયવાળી છે. તેમાં તો ફેરફાર છે. પણ ત્રિકાળ ધ્રુવ સામાન્યસ્વભાવ અને તેનો જે ધ્રુવ પરિણામ–તે તો બધા જીવોને ત્રિકાળ એકરૂપ છે.

આ શુદ્ધ જ્ઞાનચેતના પરિણામમાં 'પરિણામ' શબ્દ હોવા છતાં તે ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિકનયનો વિષય નથી; આ શુદ્ધજ્ઞાન ચેતના-પરિણામ તો ઉત્પાદ-વ્યય નિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

આ શુદ્ધ જ્ઞાન ચેતનાપરિણામ તે મોક્ષમાર્ગ નથી, આ તો ત્રિકાળ છે ને આના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે. જે મોક્ષમાર્ગ પ્રગટે તે કાર્ય છે, ને ધ્રુવ શુદ્ધ ચેતના પરિણામ તે તેનું કારણ છે. તથા બીજી રીતે કહીએ તો મોક્ષમાર્ગ પ્રગટ્યો તે કારણ અને મોક્ષદશા તે કાર્ય છે. એમ બે રીતે કારણ-કાર્ય છે. મોક્ષ અને મોક્ષમાર્ગ એ તો બન્ને ઉત્પાદ-વ્યયવાળા છે. એ તો પર્યાયાર્થિકનયનો વિષય છે, તે દ્રવ્યાર્થિકનયનો વિષય સહજ જ્ઞાન ચેતનાપરિણામ છે, તેને કારણ નિયમ કહેવાય છે. ત્રિકાળ સદૃશ એકરૂપ ધ્રુવ પરિણામ છે. તેનું અવલંબન લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ પ્રગટે છે તે કાર્ય છે.

ત્રિકાળ સામાન્ય ધ્રુવ અને તેના સદૃશરૂપ વર્તમાન ધ્રુવ પરિણામ-તે બન્ને કારણરૂપ નિયમમાં સમાય છે.

નિયમ સાથે સાર શબ્દ કહ્યો. તેમાંથી ત્રિકાળી કારણની વાત કાઢી. કોઈ બીજા બહારના કારણને માને કે વ્યવહારને કે રાગને કારણ માને તો તે વાતને ઉડાડવા અહીં ત્રિકાળી કારણ સિદ્ધ કર્યું છે. મોક્ષમાર્ગ જેના આશ્રયે પ્રગટે એવું ત્રિકાળી કારણ શું તે ટીકામાં ખુલ્લું કર્યું છે, એટલે તેના આશ્રયે જ મોક્ષમાર્ગ છે. 'કરવાયોગ્ય કાર્ય' તે નિયમ છે એમ કહ્યું. તો તે કાર્યનું કારણ શું? કે ત્રિકાળ પરમ સહજ પારિણામિક સ્વભાવ અને તેમાં સ્થિત સહજ ચેતનાપરિણામ તે જ કાર્ય નિયમનું કારણ છે, આવો કારણરૂપ સ્વભાવ દરેક આત્મામાં ત્રિકાળ છે. તેનો આશ્રય કરતાં જ કાર્ય નિયમરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. આ ત્રિકાળ પરમ પારિણામિક ભાવ છે તે જ તારા મોક્ષમાર્ગનું કારણ છે. તે કારણ તારી પાસે સતત્‌પણે નિરંતર વહી રહ્યું છે. આ સિવાય વ્યવહાર-કારણના આશ્રયે તારો મોક્ષમાર્ગ નથી.

જુઓ તો ખરા! ટીકાકારે કેવી ટીકા કાઢી છે. તેના સેવનથી મોક્ષમાર્ગ પ્રગટે છે. જેમ મોરના ઇંડામાં મોર થવાની શક્તિ પડી છે. તેથી તેમાંથી મોર થાય છે. તેમ ચૈતન્યની શક્તિમાં પરમાત્મદશાનું સામર્થ્ય ભર્યું છે. તેમાંથી પરમાત્મદશા પ્રગટ થાય છે. અહીં તો સામાન્ય-વિશેષ બન્ને ધ્રુવ બતાવે છે. ત્રિકાળ સામાન્ય ધ્રુવ પારિણામિક સ્વભાવ અને તેના સહજ ચેતનારૂપ વર્તમાન ધ્રુવ પરિણામ, તે કારણ નિયમ છે, તે કારણ નિયમમાં અનંત મોક્ષ પર્યાયનું સામર્થ્ય ભર્યું છે. પહેલાં પોતાની આવી શક્તિનો મહિમા અને વિશ્વાસ આવવો જોઈએ કે પરમાત્મશક્તિ મારામાં ત્રિકાળ ભરી છે; ક્યાંય બહારથી તે કાર્ય પ્રગટવાનું નથી.

પરમ-ઉત્કૃષ્ટસ્વભાવથી ભરેલો પારિણામિક ભાવ છે, અને તેમાં સ્થિત એવો સ્વભાવ અનંત ચતુષ્ટયસ્વરૂપ સહજ ચેતનાપરિણામ છે તે કારણ નિયમ છે. આને કારણ નિયમ કહીને મુનિરાજે રાગ અને વ્યવહાર કારણનો અભાવ બતાવ્યો છે. વ્યવહાર

તે ખરેખર કારણ નથી, કથનમાત્ર છે. અંદરમાં જે સહજ પારિણામિક ત્રિકાળ ભાવ અને તેના શુદ્ધ ચેતનાપરિણામ છે તે નિશ્ચયકારણ છે, તે જ કારણના આશ્રયે મોક્ષમાર્ગ રૂપ કાર્ય પ્રગટે છે.

જેમ ત્રિકાળ સામાન્ય ધ્રુવ છે તેમ તેનું વર્તમાન....વર્તમાન...પણ ધ્રુવ છે. જો ત્રિકાળ ધ્રુવનું વર્તમાન ધ્રુવ ન હોય તો વર્તમાનમાં મોક્ષમાર્ગ પ્રગટવાનું સામર્થ્ય ક્યાંથી આવશે?

કાર્ય નિયમની સાથે કારણ નિયમની વાત કરીને અદ્‌ભુત ટીકા કરે છે. આવો કારણ નિયમ સ્વભાવ દરેક આત્મામાં છે. તેના તરફ વળીને તેનો આશ્રય કરતાં કાર્ય નિયમરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. મોક્ષમાર્ગનું કારણ કોઈ વ્યવહાર શુભરાગ નથી પણ અંતર્મુખ સ્વભાવ તે જ કારણ છે.

પ્રશ્ન :—એક અભેદ ધ્રુવના બે ભેદ કેમ પાડ્યા?

ઉત્તર :—જેવું સામાન્ય ધ્રુવ છે તેવું જ વિશેષ ધ્રુવ છે એમ કહીને તેની પૂર્ણતા બતાવી છે. સામાન્ય અને વિશેષ કાંઈ બે જુદા નથી પડતા. જેવું સામાન્ય તેવું જ તેનું વિશેષ ધ્રુવ છે. ત્રિકાળ સામાન્યમાં અભેદનું જોર છે, ને વિશેષ ધ્રુવમાં પણ અભેદનું જોર એવું ને એવું છે, એમ કહીને ત્રિકાળ અને વર્તમાન એકાકાર અભેદ સ્વભાવ બતાવ્યો છે. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં સામાન્ય ધ્રુવ ને વિશેષ ધ્રુવ બન્ને આવી જાય છે.

નીચે જમીન સારી હોય પણ ઉપર ક્ષારવાળી હોય તો ત્યાં ઝાડ ન ઊગે. પણ જે જમીનનું અંદરનું દળ સારૂં હોય ને ઉપરનો થર પણ સારો હોય તેમાં ઝાડ ઊગે.

આત્મામાં ત્રિકાળ ધ્રુવ સ્વભાવ તો શુદ્ધ છે ને તેનું વર્તમાન...વર્તમાન...પણ એવું જ શુદ્ધ છે—એમાંથી મોક્ષમાર્ગ પ્રગટે છે. જેવું સામાન્ય ધ્રુવ ત્રિકાળ છે. તેવું જ તેનું વિશેષ વર્તમાન ધ્રુવ છે. વિશેષનો અર્થ અહીં ઉત્પાદ-વ્યયવાળી પર્યાય ન લેવી, પણ વર્તમાન વર્તતું ધ્રુવ સમજવું. ત્રિકાળશક્તિ છે તે વર્તમાન એકરૂપ ધ્રુવ છે. તેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે—એમ કહીને અંદરનો આશ્રય બતાવ્યો છે. બહારમાં કોઈ મોક્ષમાર્ગનું કારણ નથી.

ચૈતન્ય ભગવાન ધ્રુવ જ્ઞાયકસ્વભાવથી ભરેલો, પરમપારિણામિક ભાવ છે, તેમાં સહજ ચેતનાપરિણામ પણ વર્તમાન....વર્તમાન ધ્રુવ છે. અહો! જ્યારે જો ત્યારે કારણ તારી પાસે વર્તમાનમાં જ પડ્યું છે. તે કારણને નવું ઉત્પન્ન કરવું પડતું નથી. તેનો આશ્રય લેતાં કાર્ય પ્રગટી જાય છે. કારણ ક્યાંય શોધવા જવું પડે તેમ નથી, એવું ને એવું ધ્રુવ જ્યારે જો ત્યારે વર્તમાનમાં તારી પાસે જ પડ્યું છે. તેની પ્રતીત–જ્ઞાન ને રમણતા કરતાં મોક્ષમાર્ગની પર્યાય પ્રગટી જાય છે. ધ્રુવ કારણ તો ત્રિકાળ પડ્યું છે, ને તેને ઓળખતાં મોક્ષમાર્ગ નવો પ્રગટે છે. મોક્ષમાર્ગ તે કાર્ય નિયમ છે ને ધ્રુવસ્વભાવ તે કારણ નિયમ છે. કારણ નિયમને કરવો નથી પડતો, તે તો ત્રિકાળ છે. જ્યારે જુઓ ત્યારે અંતરમાં વર્તમાનમાં જ પડ્યો છે, તેમાં અંતર્મુખ થતાં કાર્યનિયમ પ્રગટે છે.

સ્વભાવ રત્નત્રય બે પ્રકારનાં છે: એક ત્રિકાળ કારણરૂપ છે ને બીજું કાર્યરૂપ છે, તેમાં કાર્યરત્નત્રય તે મોક્ષમાર્ગ છે.

જુઓ, ટીકામાં ગૂંચવણ નથી કરી, પણ ગૂઢ ભાવો સ્પષ્ટ કરીને હીરા-માણેક પાથરી દીધા છે. અજ્ઞાની ન સમજે એટલે એમ કહે છે કે ટીકા કરીને તો ઉલટું સમજવું મુશ્કેલ કરી દીધું છે! પણ કેટલા ગૂઢ ભાવો સ્પષ્ટ બતાવ્યા છે તેની તેને ખબર નથી. અંતરની આંખ ઉઘાડે તો ખબર પડે ને? તારા અંતરમાં ભંડાર ભર્યા છે તે ટીકાકારે ખુલ્લા કરીને બતાવ્યા છે. આંખ ઉઘાડીને જો તો ખરો!

પહેલાં ત્રિકાળી કારણ નિયમ છે તે ઓળખાવ્યો. તેના આશ્રયે જે મોક્ષમાર્ગ પ્રગટે છે તે કાર્ય નિયમ છે. તે કાર્ય નિયમનું વર્ણન હવે કરે છે.

કાર્ય નિયમ એટલે નિશ્ચયથી જે કરવાયોગ્ય હોય, પ્રયોજન સ્વરૂપ હોય તે; એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે કાર્ય નિયમ છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્ય ત્રણે એક સાથે નથી પ્રગટતાં પણ તેમાં ક્રમ પડે છે એટલે તેનાં વર્ણનમાં પણ ભેદથી જુદું જુદું વર્ણન કર્યું છે. જે કારણ નિયમરૂપ સ્વભાવરત્નત્રય છે તે તો ત્રિકાળ એક સાથે જ છે. આ તારી ત્રિકાળી ઋદ્ધિ અત્યારે તારી પાસે વર્તમાન મોજૂદ પડી છે. આંખ ઊંચી કરીને અંતરમાં જો તો ખરો. પોતાની શક્તિનો ભરોસો નથી ને બહારના કારણને શોધે છે. તેને કહે છે કે તારા કાર્યનું કારણ સ્વભાવરત્નત્રય ત્રિકાળ તારી પાસે છે, તેના આશ્રયે તારું મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટે છે. ( ક્રમશઃ )

—o—

[ સ્વાનુભાવના લક્ષ વગરનો....પાનું ૬ થી ચાલુ ]

અરે! આ જીવે પોતાના ગાણાં પણ કોઈ દિવસ પ્રીતિ કરીને સાંભળ્યા નહિ. જો પ્રીતિપૂર્વક પોતાની વાત સાંભળે તો અવશ્ય મુક્તિનું ભાજન બને. અનંતગુણમય આત્મામાં અનાદિ અનંત એક પ્રકાશ નામનો ગુણ છે, જેનાથી આત્મા પ્રત્યક્ષ થાય, પરોક્ષ ન રહે. ૪૭ શક્તિમાં આ 'પ્રકાશ' નામની ૧૨મી શક્તિ છે. સીધો પ્રત્યક્ષ થઈને પોતે પોતાને જાણે એવો આ ગુણ છે. પોતાને જાણીને પોતામાં-નિજ આત્મામાં રહેવું તે જ આત્માનું ઘર છે. પોતાનું જ્ઞાન જ પોતાના વસ્ત્ર છે. નિજ આત્મિક રસ એ જ પોતાનું ભોજન છે. અને આત્મિક શૈયા એ જ જ્ઞાનીની શૈયા છે. આવી રીતે આત્માને પ્રત્યક્ષ જાણીને જે વેદે છે તે સંસારથી મુક્ત થાય છે માટે પોતે પોતાનું પ્રત્યક્ષ સ્વ-સંવેદન કરવું તે જ મુક્ત થવાની વિધિ છે, એ સિવાય બીજી કોઈ વિધિ મુક્તિની નથી.

(-ક્રમશઃ)

—o—

# ❋ સ્વાનુભવગમ્ય ચૈતન્યસ્વભાવ ❋

શ્રી પદ્મનંદી–નિશ્ચય પંચાશત અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સુગમ પ્રવચન

मनसोऽचिंत्यं वाचामगोचरं यनाहस्तनोर्भिन्नम् ।
स्वानुभवमात्र गम्यं चिद्रूपममूर्तमव्याद्वः ॥ २ ॥

ચૈતન્યસ્વરૂપ તેજ મનથી અચિંત્ય છે, વાચાથી અગોચર છે, અને દેહથી પાર છે, તે માત્ર સ્વાનુભવથી જ ગમ્ય છે. આવું ચૈતન્ય તેજ જ જીવોને શરણભૂત છે. વાણીથી અગોચર ને મનથી પણ અચિંત્ય એવું ચૈતન્યતેજ જ્ઞાનગમ્ય છે. મનની ચિંતા કરે તેનું કાર્ય બહારમાં પણ નથી આવતું ને અંતરનું ચૈતન્યતત્ત્વ પણ તેના વડે પકડાતું નથી.

આત્માનું નિશ્ચયસ્વરૂપ શું છે? એટલે વાસ્તવિક સ્વરૂપ શું છે? તેને ઓળખવું તે ધર્મનું કારણ છે, અને પુણ્ય–પાપ વગેરેને જાણવું તે વ્યવહાર છે. ચૈતન્યસ્વરૂપ આત્મા દેહાદિથી ભિન્ન છે, મનથી પણ તે અગોચર છે. મનના અવલંબને જે સંકલ્પ-વિકલ્પ થાય તેનાથી આત્મા અનુભવમાં આવે તેવો નથી. આત્મા અનાદિથી છે. તેના મૂળ સ્વરૂપને જાણ્યા વિના જીવે પુણ્ય–પાપના ભાવો અનાદિથી કર્યા છે ને તેના ફળમાં ચારે ગતિમાં રખડયો છે. કોઈવાર શુભભાવ કરીને સ્વર્ગમાં ગયો ત્યાં પણ આત્માની શાંતિ નથી, અને તીવ્ર પાપ ભાવ કરીને નરકમાં પણ અનંતવાર ગયો, પણ તે પુણ્ય–પાપ બન્નેથી પાર મારું જ્ઞાનાનંદસ્વરૂપ શું છે તે કદી જીવે સત્સમાગમે લક્ષમાં લીધું નથી.

પુણ્યના પરિણામ કરે ત્યાં ધર્મ થયો એમ માને છે તે ભ્રમણા છે. અરે! દેહની જડ ક્રિયા થઈ ત્યાં મને ધર્મ થયો એમ અજ્ઞાની માને છે તે તો મોટી ભ્રમણા છે, તેને તો હજી દેહથી ભિન્ન પોતાના પરિણામની પણ ખબર નથી. અહીં તો કહે છે કે આત્મા દેહની ક્રિયાથી તો પાર છે, વચનથી પણ અગોચર છે ને મનના વિકલ્પોથી પણ અગોચર છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેના પરમાર્થસ્વરૂપને જાણ્યા વિના કદી જીવને ધર્મ થાય નહિ. જીવ બહારમાં બીજી ચીજ લેવા જાય ત્યાં તેની પરીક્ષા કરે છે. તો ધર્મ શું ચીજ છે, તે પણ પરીક્ષા કરીને સમજવું જોઈએ. વાણી જડ છે ને ભગવાન આત્મા આનંદકંદ છે. તે અરૂપી આત્માને વાણી સ્પર્શતી નથી. ધર્માત્માની વાણીમાં ઉપદેશ આવે છે, પણ તે વાણી કાંઈ અરૂપી આત્મામાં પ્રવેશીને નીકળતી નથી, અને વાણીથી આત્મા આગોચર છે. જ્ઞાન હોય છતાં તેવી વાણી ન પણ નીકળે,

કેમકે વાણી તે આત્માનું કાર્ય નથી. વાણી નીકળે તેનાથી ચૈતન્યતત્ત્વ પાર છે. ભાઈ! તારો આત્મા તને તારા જ્ઞાનથી અનુભવમાં આવે તેવો છે. આખો આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો છે, તે આત્મા સ્વાનુભવગમ્ય છે. આવા આત્માનું સમ્યક્ ભાન થયા પછી ધર્મી જીવને તેમજ ધર્મના જિજ્ઞાસુ જીવને દેવ–ગુરુ–ધર્મની ભક્તિનો ભાવ આવે છે. તેમાં જિનેન્દ્ર ભગવાનની પૂજા–પ્રતિષ્ઠા વગેરેનો ભાવ પણ આવે છે.

સર્વજ્ઞ પરમાત્માને કેવળજ્ઞાન થતાં ઇંન્દ્રો આવીને સમવસરણ ( ધર્મસભા )ની રચના કરે, તેમાં બાર સભા હોય છે. અને ચાર બાજુ ચાર મોટા માનસ્થંભ સોનાના હોય છે. ભગવાનને કાંઈ ઇચ્છા કે રાગ નથી, પણ કેવળજ્ઞાન થતાં સાથે પૂર્વનાં પુણ્ય પણ એવા પાકયાં કે બહારમાં તેવો સંયોગ હોય છે. સર્વજ્ઞ ભગવાનના સમવસરણમાં માનસ્તંભ હોય છે. તે ધર્મનો સ્તંભ છે. તેનો નમૂનો સોનગઢમાં છે. માનસ્તંભ તે કિર્તિ-સ્તંભ નથી પણ ધર્મસ્તંભ છે તેને દેખતાં જ મિથ્યાદૃષ્ટિનાં માન ગળી જાય છે. પુણ્યનો નિષેધ કરીને ચિદાનંદસ્વરૂપમાં એકાગ્રતાથી ભગવાન કેવળજ્ઞાન પામ્યા ત્યાં પુણ્યનાં ફળ એવા આવ્યા કે સમ્યગ્દષ્ટિ એકાવતારી ઇન્દ્રો આવીને ભગવાનના ચરણની સેવા કરે છે. સમવસરણની રચના કરે છે. આવો ભક્તિ ભાવ ધર્મીને આવ્યા વિના રહે નહિ. જડની ક્રિયા તો જડના યોગે થાય છે, પણ તે પ્રકારનો શુભભાવ અને ભક્તિનો ઉલ્લાસ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. પણ ધર્મી સમજે છે કે મારો ચિદાનંદ આત્મા આ રાગથી પણ પાર છે. આવા ચૈતન્યતત્ત્વની સમજણ કરવી તે મૂળ વસ્તુ છે.

જ્ઞાનાનંદ સ્વભાવે ભરેલો આ ચૈતન્ય ભગવાન રાગથી પાર છે. એવા આત્માને સ્વ–સંવેદનજ્ઞાનથી જાણવો તે ધર્મ છે. પ્રભો! આવો મનુષ્ય દેહ મળ્યો તે વારંવાર નથી મળતો. આવા મનુષ્ય અવતારમાં દેહથી ભિન્ન આત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે. તે જો લક્ષમાં ન લીધું તો પાછો ચારે ગતિમાં રઝળશે. અનાદિ કાળથી સંસારમાં રખડતાં જીવે ચારે ગતિના અવતાર અનંતવાર કાર્યા છે. દયા આદિના પરિણામ કરીને તેને ધર્મ માને છે પણ એવા દયાના પરિણામ કરીને અનંતવાર સ્વર્ગમાં ગયો, છતાં કિંચિત્ ધર્મ આત્માના ભાન વગર ન થયો. દયા વગેરે શુભ પરિણામ હોય તે વાત જુદી. ધર્મીને પણ દયા–ભક્તિના પરિણામ હોય, પણ અંતરમાં ભાન છે કે મારૂં જ્ઞાનાનંદ-સ્વરૂપ આ રાગથી ભિન્ન છે. તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થતાં ઇન્દ્રો આવીને દિવ્ય સમવસરણની અલૌકિક રચના કરે છે. તે જોઈને પોતે જ આશ્ચર્ય પામે છે કે અહો! આવી અદ્ભુત રચના! આ અમારી શક્તિનું કામ નથી, પણ ભગવાનના કોઈ અલૌકિક પુણ્યના પ્રતાપે આ રચના થઈ ગઈ છે. ત્યાં ધર્મસભામાં ભગવાનની દિવ્યવાણીનો ધોધ છૂટે, ને વાઘ–વરુ–સર્પ અને નોળ વગેરે તિર્યંચો પણ પોતપોતાની ભાષામાં તે સમજી જાય છે. એકાવતારી ઇન્દ્રો પણ આવે છે ને ભગવાનની સ્તુતિ કરે છે પણ તે વખતે અંદરમાં પોતાને જ્ઞાનાનંદસ્વરૂપમાં દૃષ્ટિ પડી છે. રાગ થાય છે ખરો, પણ રાગ વખતે મારૂં જ્ઞાનાનંદ

સ્વરૂપ આ રાગથી પાર છે એવી અંતર દૃષ્ટિ ધર્મીને વર્તે છે. મારો આત્મા દેહથી પાર છે. વચનથી કે મનથી તે ગમ્ય નથી. રાગથી પણ તે ગમ્ય નથી. પણ માત્ર સ્વાનુભવથી જ ગમ્ય છે. રાગથી એટલે કે વ્યવહારથી તે ગમ્ય થાય તેવો નથી પણ સ્વ-સન્મુખ થઈને અંતર દૃષ્ટિ કરે તેનાથી જ આત્મા ગમ્ય થાય તેવો છે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ બનતું નથી, પણ વ્યવહારનાં વિકલ્પથી પાર ચિદાનંદ આત્મા છે. તેને નિશ્ચયનયથી અંતરમાં પકડે તો સમ્યગ્દર્શન થાય છે. આવી સત્ય વાત લક્ષમાં લઈને તેની હા તો પાડો, પછી તેનું અંતર મંથન કરતાં સ્વ-સન્મુખ થઈને આત્માનો અનુભવ કરે. એકવાર પણ આવું અપૂર્વ ભાન કરે તો અલ્પકાળમાં મુક્તિ પામે ને પછી ફરીને અવતાર ન રહે, પણ અનાદિથી પોતાના વાસ્તવિક જ્ઞાનસ્વરૂપને ભૂલીને વિકારને અને દેહને પોતાનું સ્વરૂપ માનીને જીવ સંસારમાં રખડી રહ્યો છે. કોઈ બીજાએ તેને રખડાવ્યો નથી. ને કોઈ બીજો તેને તારનાર નથી. પોતે ભૂલ કરી છે, તેથી રખડયો છે, અને તે ભૂલને યથાર્થ સમજણ વડે પોતે ટાળે તો રખડવાનું મટે. જેમ મોઢા ઉપર મેલ હોય, ને અરીસામાં તે દેખાય ત્યાં તે અરીસો ઘસવા માંડે તો મોઢા ઉપરનો ડાઘ ન જાય, ક્યાં ડાઘ છે તે જાણે તો તે ટળે. તેમ આત્મા પોતાની જ ભૂલ અને અપરાધને લઈને સંસારમાં રખડે છે, તેને બદલે પરને કારણે રખડયો એમ માને તો તેની ભૂલ કદી મટે નહિ.

સંતો કહે છે કે ભાઈ! તારી ભૂલથી તું રખડયો. તે ભૂલ તેં કરી છે, અને તે ભૂલ તું ટાળ તો તારૂં રખડવાનું મટે. માટે જ્ઞાન વડે અંતરના સ્વરૂપની ઓળખાણ કર તો ભૂલ મટે. જુઓ, આ શરીરના એક અવયવ વડે શરીરના આખા સ્પર્શનો ખ્યાલ આવે છે, પણ લાકડું વગેરે બીજી ચીજ દ્વારા શરીરના સ્પર્શનો ખ્યાલ નહિ આવે, કેમકે ભિન્ન ચીજ છે. પોતાના શરીરની એક આગળી દ્વારા આખા શરીરના સ્પર્શનો ખ્યાલ નહિ આવે. કેમકે ભિન્ન ચીજ છે. પોતાના શરીરની એક આંગળી દ્વારા આખા શરીરના સ્પર્શનો ખ્યાલ આવે છે, તેમ આત્મા અખંડ ચૈતન્યમૂર્તિ છે, તેનો અવયવ એટલે તેના જ્ઞાનના અંશને સ્વ-સન્મુખ કરતાં આખા આત્માનો અનુભવ થાય છે. પોતાના અંશ દ્વારા આત્માનો અનુભવ થાય છે, પણ પોતાથી ભિન્ન એવી શરીરાદિની ક્રિયા દ્વારા આત્માનો અનુભવ થતો નથી. તેમજ આંગળી ઉપર મોટું મેલનું થર જામ્યું હોય તો તેના દ્વારા શરીરના સ્પર્શનો ખ્યાલ નહિ આવે, તેમ આત્મામાં રાગાદિની રુચિ રૂપી મેલનાં થર જામ્યાં હોય, તો તે રાગાદિ વડે આત્મા અનુભવમાં નહિ આવે.

વર્તમાનમાં જ્ઞાનનો જે વ્યક્ત અંશ છે તે આત્માનો અવયવ છે. તે અવયવ દ્વારા આત્માના અખંડ સ્વભાવનો અનુભવ થાય છે, પણ રાગ સાથે એકતા માનીને

અટકી જાય તો તે જ્ઞાન આત્માની સન્મુખ વળતું નથી. જ્ઞાનને અંતરમાં વાળીને આત્માના સ્વભાવનો અનુભવ થાય છે. આવા જ્ઞાન સિવાય રાગથી કે દેહાદિની ક્રિયાથી આત્મા જણાય તેવો નથી, અને આત્માને જાણ્યા વિના ધર્મ થતો નથી. ધર્માત્માને સાચા દેવ-ગુરુ ઉપર બહુમાનનો શુભભાવ આવ્યા વિના રહેતો નથી, પણ તે શુભભાવ આવ્યો તે પોતે ધર્મ નથી. ધર્મ તો રાગથી જુદી ચીજ છે. ભાઈ! મારું જ્ઞાનાનંદ-સ્વરૂપ રાગથી પાર છે-એમ એકવાર લક્ષમાં તો લે. સ્વ-સન્મુખ જ્ઞાન વડે આત્માનું ભાન થાય છે. એ સિવાય બીજા ઉપરથી આત્મા લક્ષમાં આવે તેવો નથી. અનંતકાળથી બહારમાં જોયું છે, પણ અંતરસ્વભાવને કદી લક્ષમાં લીધો નથી. અનાદિથી બાહ્ય દૃષ્ટિથી પરને પોતાનું માને છે, પણ એક રજકણ પણ તેનો થયો નથી. ને જો જ્ઞાનને અંતરમુખ કરીને આત્માને જાણવાનો પ્રયત્ન કરે તો તેનું જ્ઞાન થયા વિના રહે નહિ, માટે સંત્સમાગમે યથાર્થ શ્રવણ-મનન કરીને તેની ઓળખાણ કરવી તે ધર્મનો ઉપાય છે.

પર ચીજને પોતાની કરવી તે અશક્ય છે, ને પોતાના સ્વભાવની પ્રાપ્તિ કરવી તે સુગમ છે. જેમ ગમે તેવી ઊંચી લીંડીપીપર હોય પણ તેમાંથી સાકરની મીઠાશ પ્રગટ કરવી તે અશક્ય છે, કેમકે તેનામાં તેવો સ્વભાવ નથી. લીંડીપીપરમાંથી ૬૪ પહોરી તીખાશ પ્રગટી શકે, પણ તેમાંથી મીઠાશ ન પ્રગટે. તેમ ભગવાન આત્માને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન અને પૂર્ણાનંદનો અનુભવ થઈ શકે છે, પણ શરીરને આત્માનું કરવું તે અશક્ય છે. જીવે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને કદી જાણ્યું નથી. શુદ્ધનયનો પક્ષ કદી કર્યો નથી; એટલે કે મારું શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ રાગથી પાર નિરાલંબી છે-એવા આત્માનું લક્ષ કદી કર્યું નથી. અંતરમાં સ્વાનુભવગમ્ય ભગવાન આત્મા છે, તે તમારી રક્ષા કરો એમ આચાર્યદેવ આશીર્વાદ આપે છે. રાગ કે દેહની ક્રિયા તે કોઈ આત્માનું રક્ષક નથી, તેમજ બીજો કોઈ આ આત્માનો રક્ષક નથી, પણ અંતરમાં પોતાના અતીન્દ્રિય આત્મસ્વભાવનું લક્ષ અને પ્રતીત કરવી, તે જ પોતાની રક્ષા કરનાર છે. ભાઈ! તારું ચૈતન્યતત્ત્વ જ તારી રક્ષા કરનાર છે, ને તે જ તને શરણભૂત છે. ( એ સિવાય બીજો કોઈ તારી રક્ષા કરનાર નથી ) માટે ચૈતન્યસ્વરૂપ આત્માની સન્મુખ થઈને તેની શ્રદ્ધા-જ્ઞાન કર, તેનો આશ્રય કર. [ ક્રમશઃ ]

જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહ આદિ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહીં.

—શ્રીમદ રાજચંદ્ર, જ્ઞાનામૃત. પાનું-૨૯, આંક-૪૬૬

# આત્માને શરીરથી ભિન્ન જાણ

શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સરળ પ્રવચન

આ તત્ત્વજ્ઞાનતરંગિણી શાસ્ત્ર વંચાય છે. જેમ પાણીમાં તરંગ ઉઠે છે તેમ આત્મામાં જ્ઞાન ને શાંતિના મોજા ઉઠે છે. તે જ્ઞાન તરંગો છે. આત્મા ચૈતન્યતત્ત્વ છે. જે હોય તેની શરૂઆત ન હોય ને જે હોય તે સર્વથા થાય નહિ. જે પદાર્થ હોય તેની અવસ્થા બદલે. આત્મા આદિ વિનાની ચીજ છે. અનંતા ભવો કર્યા પણ તેનું લક્ષણ શોધ્યું નથી–" જ્યાં લગી આત્મ તત્વ ચિન્હ્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી–" ત્યાગ, વૈરાગ્ય, દયા, દાન, વ્રત ને પુજાના ભાવ પુણ્યરૂપ ભાવ છે ત્યા હિંસા જૂઠું ચોરી પાપ વાસના છે, ને દયા–દાન પુણ્ય વાસના છે; તેનાથી રહીત આત્મા છે. તેને જાણ્યો નથી. અનંતવાર બધુંય કરી ચૂક્યો છે. આત્મા નવો થતો નથી. શરીરનો સંયોગ નવો થાય છે, પણ આત્માનો સંયોગ થતો નથી કે જેથી તેનો નાશ થઈને કોઈમાં મળી જાય. આત્મા ઘણીવાર રખડયો હિંસા જૂઠું ને ચોરીના ભાવમાં પાપ બંધાય જેના લીધે નીચી ગતિ મળે, માંસ ને દારૂ ખાનારા નરકમાં જાય છે. તેવી ગતિ અનંતવાર મળી ને શુભ ભાવના ફળમાં દેવગતિ ઘણીવાર મળી છે, પણ શરીરથી રહીત ને શુભ –અશુભથી રહીત આત્માને જાણ્યો નથી. માયાના ફળમાં તિર્યંચ ગતિ મળે છે, ગાય ને ભેંસના શરીર આડા છે. તિર્યંચની ગતિ કેમ મળી? વક્રતા ને આડોડાઈ પૂર્વે કરેલી તેના ફળમાં ઢોરની ગતિ મળે છે. આત્માની કથા અપૂર્વ છે. પૂર્વે જેટલા ભવ કર્યા ને ભવના કારણરૂપ જે ભાવો કર્યા તે અપૂર્વ નથી. પૈસા ને લક્ષ્મી અનંતવાર પ્રાપ્ત કરી ચૂક્યો, રાજા ને શેઠપણું પુણ્યના ફળ છે, તેનો પાછો નાશ થાય છે ને તે ચારગતિમાં રખડે છે. આ આત્મા અનાદિ અનંત છે, તેનું લક્ષણ જાણ્યું નથી.

## " આત્મામાં જ્ઞાન અને આનંદ શક્તિ ભરેલી છે. "

જેમ ખડી સફેદાઈનો પીંડ છે, તેમ ભગવાન આત્મા જ્ઞાનનો પીંડ છે. આ આત્મા પોતે ભગવાન છે. લોકો ભગવાનને કહે છે કે " હે પ્રભુ મને ઉગારજો "! શું ભગવાને ડુબાડયો છે? તારા ચૈતન્ય તત્ત્વની વાત હ્રદયમાં ઉતારી નથી તેથી તું રખડે છે. આત્મા દેહ દેવળમાં જ્ઞાનથી ભરેલો છે. ચોસઠ પહોરી લીંડી પીપરમાં તીખાશ ભરેલી છે. લીંડીપીપરના દરેક દાણામાં ચોસઠ પહોરી શક્તિ ભરેલી છે. તેમાં વ્યક્ત થવાના કાળે તીખાશ વ્યક્ત થાય છે તેમ ભગવાન આત્મા દરેક ચૈતન્ય પ્રભુ છે. સર્વજ્ઞ સર્વજ્ઞદશી' ને સર્વ આનંદની શક્તિથી ભરેલો છે. શરીર તો હાડકા ને માંસથી થયેલું છે.

દાળ-ભાત-રોટલીમાંથી શરીર થયું છે. કોઈનું નાનું અથવા મોટું શરીર હોય છે-તે વાત કહે છે :—

सप्तानां धातूनां पिंडे देहो विचेतनो हेयः ।।
तन्मध्यस्थोऽवेतीक्षतेऽखिलं यो हि सोहं चित् ।। ५ ।।

**" શરીરમાં જ્ઞાન નથી પણ આત્મામાં જ્ઞાન જ્યોતિ ભરી છે. તેમાં એકાગ્ર થવાથી શાંતિ મળે છે. "**

સાત ધાતુનો પીંડ શરીર અચેતન છે તેમાં જ્ઞાન નથી. આત્મામાં જ્ઞાન ભરેલું છે. દરેક આત્માની શક્તિમાં ફેર નથી. અનેક સોનાની લગડી ઉપર જુદા જુદા ચિત્રો વાળા કપડા ઢાંકે, કોઈ કપડા ઉપર હરણને સિંહના ચિત્ર હોય તો પણ તેથી કરીને અંદર સોનાની લગડીમાં ફેર નથી. તેમ દેહ જીર્ણ હોય કે મોટું હોય, સુંદર હોય કે કુરૂપ હોય પણ આત્માની શક્તિમાં ફેર નથી. આત્મા ઉપર જુદા જુદા શરીર દેખાય છે પણ અંદર શક્તિ સ્વભાવમાં ફેર નથી. વર્તમાન પર્યાયમાં ફેર દેખાય છે, અજ્ઞાન દશાના લીધે ઓછા વધતા પણ દેખાય છે. મંદરાગ ને તીવ્ર રાગ દેખાય છે, પણ મંદરાગ કે ઓછું જ્ઞાન આત્માનું મૂળ સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. ભગવાન આત્મા શરીરથી જુદો છે. જડ ને આત્મા વચ્ચે મેળ નથી. એક સેકંડમાત્ર આવું જ્ઞાન કર્યું નથી. દીવાસળીના લાલ ટોપકામાં અગ્નિની શક્તિ ભરેલી છે. તો તેને ઘસે છે પણ સફેદ લાકડીમાં અગ્નિ નથી તેથી તેને ઘસવાથી અગ્નિ પ્રગટતી નથી તેમ શરીરને ઘસવાથી જ્ઞાનજ્યોતિ પ્રગટે તેમ નથી. વળી પુણ્ય-પાપ ને ઘસવાથી શાન્તિ મળે તેમ નથી પણ અંદર જ્ઞાનજ્યોતિ ભરી છે. તેને ઘસવાથી એટલે કે એકાગ્ર થવાથી શાંતિ મળે તેમ છે. તેની ઓળખાણ ન થાય ત્યાંસુધી આત્મજ્ઞાન ન થાય ને શાંતિ ન થાય.

**" શરીરાદિ હેય છે ને આત્મા ઉપાદેય છે એવા જ્ઞાન વિના કલ્યાણ નથી. "**

પાણીમાં મોજા ઉઠે છે, તેમ આત્મામાં જ્ઞાનના તરંગ ઉઠે છે. સંસાર બૈરા-છોકરા નથી. જો તે સંસાર હોય તો મરણ થતા તેની મુક્તિ થવી જોઈએ. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોતિ છે તેને ભૂલીને પુણ્ય-પાપના ઉપાધિ ભાવ મારા છે-એવી કલ્પનામાં રોકાણો તે સંસાર છે. સંસાર કયાં છે ને કેમ તૂટી શકે તેની વાત જીવે સાંભળી નથી.

મનુષ્ય દેહ પામીને પાપ ને પુણ્ય અનંતવાર કર્યા. પાંચ મહાવ્રતના રાગ સેવ્યા પણ સેકન્ડ માત્ર ચૈતન્ય જળહળ જ્યોતિનું યથાર્થ શ્રવણ કર્યું નથી. શ્રવણ કોને કહે? તેનું લક્ષણ ખ્યાલમાં રાખીને જે પોતામાં ઉતારે છે તેને શ્રવણ કર્યું કહેવાય.

છોકરાને પાંચ શેર સાકર લાવવાનું બાપ કહે, જો છોકરો તેના ભાવને સમજે તો તે સમજ્યો કહેવાય. તેમ આત્માનું સ્વરૂપ સમજે તો શ્રવણ કર્યું કહેવાય. આ શરીર સાત ધાતુનું છે, ને આત્મા જ્ઞાનાનંદ છે તેની દૃષ્ટિ કર્યા વિના કલ્યાણ થાય તેમ નથી. પૈસામાં સુખ-દુઃખ નથી. હું નિર્ધન છું એથી હીનતા દુઃખનું કારણ છે, પૈસામાં સુખ છે એવી કલ્પના દુઃખ કરાવે છે. શરીર પચીસ-પચાસ વરસની મુદતનું છે તે છૂટી જાશે. શરીર સાત ધાતુનું છે. શરીર છોડવા યોગ્ય છે એમ માને તો શરીર છૂટતી વખતે દુઃખ થાશે નહિ. દુધમાંથી ધોળાશ નીકળે નહિ પણ પાણી નીકળી જશે કેમકે બન્ને ભિન્ન ચીજ છે, તેવી રીતે શરીર ને આત્મા બન્ને જુદી ચીજ છે. ભગવાન આત્મા ત્રિકાળ રહેનારો છે, તથા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે અજ્ઞાનીને તે બેસતું નથી. શરીર છોડવા જેવું છે ને આત્મા આદરવા યોગ્ય છે તેવા ભેદજ્ઞાન વિના ધર્મ થાશે નહિ.

"અનેક પ્રકારના શરીરના સંયોગો મળવા છતાં આત્મા તે-રૂપ થઈ જતો નથી."

આત્મા શરીરની મધ્યમાં રહેલો છે તે બધું જાણે છે, દેખે છે. શુભ-અશુભ વિકલ્પ ઉઠે તે ઉપાધિ છે, તે મૂળ સ્વરૂપ નથી. આત્માનું જ્ઞાન ન થાય ત્યાં સુધી પર તરફની બુદ્ધિ છૂટે નહિ. શરીરને રોગ થતાં મને રોગ થયો એમ માનનાર બન્નેને એક માને છે. શરીર ઉપર કાળા કપડા પહેરતા શરીર કાળુ થતું નથી. તેમ જુદા જુદા શરીરના સંયોગો આવવાથી આત્મા તે-રૂપે થતો નથી, આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. જગત તેનું દૃશ્ય છે. આત્મા દેખનાર જાણનાર છે. તેમ નહીં માનતા જગતનું હું કરી દઉં એમ માનવું તે ભ્રાન્ત છે.

"આત્મભ્રાન્તિ સમ રોગ નહિ સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ<br>ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન"

અજ્ઞાનીને પોતાના આત્માની ખબર નથી, સ્વર્ગ, ઢોર, નરક આદિમાંથી નીકળીને મનુષ્યમાં આવ્યો પણ મનુષ્યમાં રહેલા ચિંતામણિરત્નની ઓળખાણ કરતો નથી. કાચા ચણાને સીધો ખાવાથી તૂરો લાગશે ને વાવશે તો ઉગશે પણ ચણાને શેકશે તો મીઠાશ લાગશે ને ઉગવું મટશે ચણામાં મીઠાશ ભરેલી છે તે વ્યક્ત થાય છે પણ કચાશના લીધે મીઠાશ લાગતી નથી ને ફરી ઉગે છે. તેમ આત્મામાં જ્ઞાન ને આનંદ ભરેલા છે પણ શરીર-મન-વાણીની ક્રિયા મારી તથા જ્ઞાનક્રિયા મારી નહિ એવા અજ્ઞાનરૂપી કચાશના લીધે આનંદનો અનુભવ આવતો નથી ને સંસારમાં રખડે છે. (ક્રમશઃ)

—o—

# વૈરાગ્યજનની : બાર ભાવના

શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

બાર અનુપ્રેક્ષામાં સંસાર અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. સંસાર ભાવના કોણ ભાવી શકે? કે આત્માની પર્યાયમાં ક્ષણિક વિકાર અને પરિભ્રમણ છે તે સંસાર છે. જ્ઞાનસ્વભાવમાં દુઃખ નથી-એવા જ્ઞાનસ્વભાવના ભાન પૂર્વક સંસારનાં દુઃખનું ચિંતન કરીને ધર્મી જીવ વૈરાગ્ય વધારે છે.

સંસારની ચારે ગતિમાં દુઃખ છે. તીવ્ર પાપ પરિણામવાળો જીવ નરક ગતિમાં જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના તીવ્ર વિરોધના પરિણામ આવી જાય તો જીવ સીધો નરકમાં જાય. સર્વજ્ઞને એક સમયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન બન્ને એક સાથે હોય છે તેને બદલે એક સમયે જ્ઞાન ને બીજા સમયે દર્શન એમ માને તો તે કેવળી ભગવાનનો અવર્ણવાદ કરે છે. સર્વજ્ઞ અરિહંત પરમાત્માને આહારાદિ ન હોય, છતાં મનાવે તો તે દેવની નિંદા કરે છે. અહો! જગતના જીવોને પરમ હિતનો ઉપાય જે ધર્મ એનાથી વિપરીત સ્વરૂપ મનાવીને અહિતના માર્ગની પ્રરૂપણા કરે તે જીવ અનંત સંસારના કારણ રૂપ મહાપાપ બાંધે છે. તીવ્ર આશાતનાભાવથી નરકમાં જાય છે. મહા વીતરાગી દિગંબર સંત તે મુનિ છે તેવા સંતની મહા વિરાધના કરે તો નરકમાં જાય. અનાદિથી સર્વજ્ઞ પરંપરામાં ચાલ્યા આવતા જે દેવ-ગુરુ-શાસ્ત્ર તેનો તીવ્ર વિરોધ કરે એવા મિથ્યાદૃષ્ટિને નરકનું આયુષ્ય બંધાય છે. સમ્યગ્દર્શન પછી નરકનું આયુષ્ય બંધાય જ નહિ. નરકમાં ખરેખર સંયોગનું દુઃખ નથી પણ જીવના તીવ્ર પાપ પરિણામનું દુઃખ છે. અંદરના તીવ્ર સંક્લેશ પરિણામને લંબાવે છે તેથી જ દુઃખ છે, પણ અહીં નિમિત્તથી સંયોગથી વર્ણન કર્યું છે.

જે જીવ અધમ હોય-ઘણા જીવોનું અહિત થાય તેવું ચિંતવતો હોય તે નરકમાં જાય છે. વળી દુર્બુદ્ધિ જીવો નરકમાં જાય છે. કુતર્ક અને કુયુક્તિ કરીને અસત્‌ને સ્થાપે ને સત્‌ની નિંદા કરે-તે ખોટા નરકનું કારણ છે. એ જ પ્રમાણે કુતઘ્ની એટલે કે ઉપકારનો ઓળવનાર અને તીવ્ર શોક પરિણામી તથા તીવ્ર આર્ત્ત-રૌદ્રધ્યાન કરનારો જીવ મરીને નરકમાં જાય છે. તે નરકમાં ઘણાં તીવ્ર દુઃખો છે. અહીં તે દુઃખોનું વર્ણન કરે છે.

અર્થ:—અસુરકુમાર દેવોથી ઉપજાવેલાં દુઃખ, (પોતાના) શરીરથી જ ઉત્પન્ન થયેલાં દુઃખ, મનથી અને અનેક પ્રકારના ક્ષેત્રથી ઉત્પન્ન થયેલાં દુઃખ તથા પરસ્પર કરેલાં દુઃખ એ પ્રમાણે પાંચ પ્રકારના દુઃખ છે. ૩૫.

જુઓ, નીચે સાત નરક છે. જગતમાં તીવ્ર પાપ પરિણામ કરનારને તેનું ફળ ભોગવવાનું સ્થાન નીચે નરકમાં છે. તે નરકમાં અસુરકુમાર દેવો જઈને નારકીઓને પરસ્પર લડાવે છે. સંયોગ તો પર ચીજ છે. કાંઈ સંયોગનું દુઃખ નથી પણ તે જીવ વીતરાગી ચૈતન્યની ભાવના, (જિનભાવના, સમ્યક્ ભાવના) ચૂકીને તીવ્ર સંક્લેશ પરિણામમાં પડયા છે તેથી દુઃખી છે એમ સમજવું.

તે નારકીઓનાં શરીર સ્વયમેવ જ તીવ્ર પાપ કર્મના ઉદયથી રોગી છે, તેમજ તેઓમહા ક્રૂર પરિણામથી એકબીજાને દુઃખ આપે છે. વળી નરકમાં અતિશય ઠંડી ને અતિશય ગરમી છે. અહો! મારું ચિદાનંદસ્વરૂપ સહજ શીતળ આનંદકંદ છે તેની ભાવના વગર મેં અત્યાર સુધી આવાં આવાં નરકનાં દુઃખો અનંતવાર ભોગવ્યા. હવે મારા ચૈતન્યની ભાવનાથી મારે એ દુઃખ ફરીને ભોગવવાનાં નથી. અહો! અહીંની ઠંડી ગરમીની તો નરકમાં શી ગણતરી? ત્યાં તો અનંતી ઠંડી ને અનંતી ગરમી છે. ત્યાંની ગરમીમાં લોઢાના ગોળા ઘીની જેમ ઓગળી જાય છે.

આત્મા અનંત શાંત અનાકુળ સ્વરૂપ છે. તેનો અનાદર કરીને તીવ્ર પાપ પરિણામ કર્યા. તેનાં ફળમાં બહારમાં આવી અનંત પ્રતિકૂળતાનો સંયોગ મળે છે.

અનંત શાંતિનો પિંડ એવો જે સ્વભાવ, તેનો આદર જેણે ન કર્યો તેણે અનંત વિકારનો આદર કર્યો અને તેણે સ્વભાવની અનંત શાંતિની પ્રાપ્તિ ન કરી, ત્યાં બહારમાં અનંતી અશાંતિમાં નિમિત્ત થાય એવો સંયોગ પ્રાપ્ત થાય છે. જુઓ, મિથ્યા દૃષ્ટિને જ નરકનું આયુષ્ય બંધાય છે. ધર્મીને કદાચ પૂર્વે આયુષ્ય બંધાઈ ગયું હોય અને નરકમાં જાય તોપણ ત્યાં તેને અજ્ઞાની જેવું તીવ્ર વેદન નથી.

જુઓ, નરક-સ્વર્ગ વગેરે બધું શાશ્વત છે. તેને ન માને તે તો નાસ્તિક છે. સ્વર્ગનું સ્થાન, તેની અનુકૂળ સામગ્રી, તેના કારણ રૂપ પુણ્ય-પરિણામ, તેમ જ નરકનું સ્થાન, તેની પ્રતિકુળ સામગ્રી તથા તેના કારણરૂપ પાપ પરિણામ-એ બધું જગતમાં છે. તેમાં નરકનું આયુષ્ય તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ને જ બંધાય છે નરકમાં મહા દુર્ગંધ હોય છે તેમજ નારકી જીવો પરસ્પર વૈરના સંસ્કારથી એક બીજાને છેદન-ભેદન કરે છે. અગ્નિમાં પકાવે છે.

પ્રતિકૂળ સંયોગ મળ્યો તે તીવ્ર અશાતાના ઉદયથી અને અશાતા કર્મ વિભાવથી બંધાયું તે વિભાવ સ્વભાવના અનાદરથી થયો. જે સ્વભાવનું ભાન કરીને તેનો આદર કરે તેવા જીવને આવો તીવ્ર વિભાવ થાય નહિ, આવું અશાતાકર્મ બંધાય નહિ અને તેને આવો નરકનો સંયોગ હોય નહિ, નરકમાં ઉપમા રહિત દુઃખ છે. જુઓ તો ખરા! અનુપમ એવા ચૈતન્યનો જેણે અનાદર કર્યો તેનાં દુઃખને પણ અનુપમ કહ્યું જેણે આત્માની અનંતી અનુપમ શાંતિનો અનાદર કર્યો તે જ જીવ નરકનાં દુઃખને વેદે છે,

અને કેવળી જ તેને જાણે છે. માટે તેનું દુઃખ પણ અનુપમ છે. સ્વભાવનું ભાન કરે તો સ્વભાવની શાંતિ અનુપમ છે. અને ઊંધો પડયો તેને નરકનું દુઃખ પણ અનુપમ છે. આમ વિચાર કરીને ધર્મી જીવ પોતાનો સંવેગ–વૈરાગ્ય વધારે છે.

વળી નરકનાં દુઃખ વિશેષ વર્ણવે છેઃ—

અર્થઃ—જ્યાં તલતલ જેટલાં છેદવામાં આવે છે, સકલ અર્થાત્ ખંડને પણ તલતલ જેટલાં ભેદવામાં આવે છે. વજ્રગ્નિમાં પચાવવામાં આવે છે. તથા રૂધિરના કુંડમાં નાખવામાં આવે છે. ૩૬.

ટોપરાને ખમણીથી ખમણે, તેમ નરકમાં શરીરના તલ તલ જેવડા ટૂકડા કરે છે; જેણે ઊંધી શ્રદ્ધાથી અખંડ ચિદાનંદસ્વભાવને ખંડ ખંડ કરી નાખ્યો છે તેને બહારમાં દેહના ખંડ ખંડ થઈ જાય તેવો સંયોગ મળે છે. વળી મહા વજ્ર અગ્નિમાં તેને પકાવી નાખે છે; ને લોહી–પરૂના કુંડમાં તેને નાખે છે. જુઓ, તીર્થંકરો આવી ભાવના ભાવે છે. વર્તમાનમાં તેમને આવો સંયોગ હોતો નથી. પણ તેનો વિચાર કરીને પોતે પોતામાં વૈરાગ્યની વૃદ્ધિ કરે છે. નરકના દુઃખની આવી વાત સાંભળતાં ધર્મી જીવને એમ ત્રાસ થતો નથી કે અરેરે! આપણે આવા નરકમાં જવું પડશે!! ધર્મી તો નિઃશંક છે કે હવે અમારે ભવ-ભ્રમણનો અંત આવ્યો, હવે અમે અલ્પકાળે મુક્તિ પામવાના છીએ, આવા દુઃખનો સંયોગ અમને કદી થવાનો નથી. અધૂરાશ રહી જાય તો એકાદ ભવ સ્વર્ગનો થાય, પણ નરકાદિના ભવ હવે થવાના નથી. જે ચૈતન્યની ભાવના ભાવે તેને નરકમાં જવાનું હોય નહિ.

અર્થ :— એ પ્રમાણે પૂર્વ ગાથામાં કહ્યાં તેને માંડીને જે દુઃખો તે નરકમાં એક કાળમાં જીવ સહન કરે છે તેનું કથન કરવાને જેને હજાર જીભ હોય તે પણ સમર્થ થતો નથી. ૩૭.

અહો! સ્વામીકાર્તિક નિર્ગ્રંથ સંત હતા. જંગલમાં વિચરતા હતા, તેઓ આ વૈરાગ્ય ભાવનાઓ વર્ણવે છે. નવી નવી વૈરાગ્ય ભાવના ભાવતાં ભવ્ય જીવને આનંદ આવે છે. માટે આ ભાવનાઓને આનંદજનની કહી છે. મિથ્યાત્વ ને અજ્ઞાન વગેરે ભાવોથી જે જીવ મુક્ત છે તે જ ખરેખર મુક્ત છે. જીવને અનાદિથી મિથ્યાત્વની અને રાગ–દ્વેષની વાસના બેસી ગઈ છે. અજ્ઞાનની તે રાગ–દ્વેષની ગંધ બેસી ગઈ છે, તેથી કહે છે કે અરે જીવ! તે ગંધ છોડીને તારા અંતરંગ ચિદાનંદસ્વરૂપની ગંધ બેસાડ એટલે કે તેની રુચિ અને વેદન કર, એટલે કે ચૈતન્યની વારંવાર ભાવના કર.

ભાવ પ્રાભૃતની ૪૨ મી ગાથામાં કહ્યું છે. બહારમાં ઘરબાર છોડી દેવાથી કાંઈ મુક્ત થઈ જવાતું નથી, પણ અંદર મિથ્યાત્વ અને રાગ–દ્વેષના ભાવને જે છોડે છે તે

### શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢના વિવિધ દાનખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિઃ—

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧- | શ્રી | મનસુખલાલ હરજીવનદાસ તુરખીયા | ચોટીલા | ૧૪૦- | શ્રી | સુશીલાબેન ચંદ્રકાંત શાહ | ,, |
| ૨૦૧- | ,, | પન્નાદેવી માંગીલાલજી જૈન | આગ્રા | ૩૫૦- | ,, | રીખવચંદ કપુરચંદ જૈન | ,, |
| ૫૦૧- | ,, | કેશવલાલ માવજી તુરખીયા | | ૩૦૨- | ,, | ડાહીબેન ગુલાબચંદ કરણીયા | જામનગર |
| ૬૦૪- | ,, | અમૃતલાલ માણેકચંદ મહેતા | રાજકોટ | ૨૦૧- | ,, | વિજલકુમાર ચંદુલાલ | ,, |
| ૨૦૨- | ,, | સજ્જનબેન પારેખ | દુર્ગ | ૨૦૧- | ,, | બાલાભાઇ ઓધવજી શાહ | કલકત્તા |
| ૪૦૩- | ,, | લક્ષ્મીબેન જૈન | દુર્ગ | ૫૦૧- | ,, | ચીમનલાલ ઠાકરશી તથા ગીરધરલાલ ઠાકરશી મોદી | મલાડ |
| ૨૧૦- | ,, | મગનલાલ નારણજી પટેલ | મુંબઈ | | | | |
| ૧૪૦- | ,, | લલિતાબેન જયંતિલાલ મહેતા | ,, | ૫૦૧- | ,, | હીરાલાલજી માણેકચંદ કાલા | ભાવનગર |
| ૧૪૦- | ,, | કુંજલતા રસિકલાલ મહેતા | ,, | ૫૦૧- | ,, | કીશોરભાઈ પ્રેમચંદ | નાઈરોબી |
| ૧૩૦- | ,, | દુધીબેન જેઠાલાલ પરિવાર | ,, | ૨૦૧- | ,, | ચંપાબેન તખતરાજજી | કલકત્તા |
| ૧૪૦- | ,, | નયનાબેન જયંતિલાલ દોશી | ,, | ૨૦૧- | ,, | કાંતીલાલ હરીલાલ શાહ | કાંદીવલી |
| ૧૪૦- | ,, | પ્રીતિ જયંતિલાલ દોશી | ,, | ૨૦૧- | ,, | બ્ર. શ્રી શારદાબેન શુશીબેન | સોનગઢ |
| ૧૪૦- | ,, | સવિતાબેન શીવલાલ ગાંધી | ,, | ૨૦૧- | ,, | કાંતાબેન મહાસુખલાલ અજમેરા | નાગપુર |
| ૨૧૦- | ,, | વસંતલાલ કસ્તુરચંદ તલાટી | ,, | ૧૫૧- | ,, | શીવલાલ એચ. દેસાઇ | રાજકોટ |
| ૧૮૮- | ,, | કંચનબેન વસંતલાલ તલાટી | ,, | ૪૦૩- | ,, | ડૉ અજીતાબેન વિ. ખંઢેરીયા | લંડન |
| ૧૪૦- | ,, | પી. સી. ઘોષલ | કલકત્તા | ૧૫૧- | ,, | ઈન્દીરાબેન ડી. દોશી | મલેશિયા |
| ૧૪૦- | ,, | મયૂરભાઈ સંઘવી | ,, | ૪૦૨- | ,, | ત્રણ મુમુક્ષુ બેનો તરફથી | મુંબઈ |
| ૧૪૦- | ,, | બાબુલાલ માણેકલાલ શાહ | ,, | ૧૫૭- | ,, | ચંપાબેન તખતરાજ | કલકત્તા |
| ૨૧૦- | શ્રી | રૂપલ જયંતિલાલ દોશી | મુંબઈ | ૨૫૨- | ,, | સુરેશભાઈ સંઘવી | મુંબઈ |
| ૧૪૦- | ,, | હર્ષા નરેશકુમાર દોશી | ,, | ૪૨૭- | ,, | પ્રભુદાસ તારાચંદ કામદાર | સોનગઢ |
| ૧૪૦- | ,, | જયાબેન મણીલાલ શાહ | ,, | ૧૩૭- | ,, | લીલાવંતીબેન પોરબંદરવાળા | સોનગઢ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩૭૭- | શ્રી | કેશવલાલ કોઠારી | મુંબઈ | ૬૫૨- | શ્રી | કાંતાબેન અજમેરા | નાગપુર |
| ૧૦૦૧- | ,, | મહાસુખભાઈ દોશી હસ્તે બ્ર. તારાબેન | સોનગઢ | ૧૫૨- | ,, | ઈલાબેન બેંગલોરવાળા | |
| ૨૦૧- | ,, | મનસુખલાલ છગનલાલ ઉદાણી | | ૩૫૩- | ,, | શેષમલજી પ્રેમચંદ | શિવગંજ |
| ૨૫૧- | ,, | છોટાલાલ મોહનલાલ કામદાર | અમદાવાદ | ૩૮૦- | ,, | ચીમનલાલ વીકમચંદ સંઘવી | મુંબઇ |
| ૫૧૨- | ,, | શીતલપ્રસાદ જૈન | દિલ્હી | ૧૪૦- | ,, | ચંપાબેન ગોસલીયા | મુંબઈ |
| ૫૦૪- | ,, | દેવયાની રમેશચંદ્ર શાહ | કલકતા | ૧૪૦- | ,, | ચંપાબેન લાલચંદ મહેતા | મુંબઇ |
| ૨૦૨- | ,, | કમળાબેન રતીલાલ મહેતા | મોટાલીલીયા | ૫૦૧- | ,, | માનમલજી મહાવીરપ્રસાદજી ગાંઝરી | |
| ૫૦૧- | ,, | શાન્તાબેન રસિકલાલ મહેતા | ભાવનગર | ૨૨૫- | ,, | મુરલીધર શેઠી | |
| ૧૦૦૧- | ,, | કુરાવડ દિ. જૈન મુમુક્ષુ મંડળ | કુરાવડ | ૨૦૧- | ,, | જમનાદેવી પાંડયા | |
| ૨૦૧- | ,, | રમણીકલાલ રતિલાલ ડગલી | મલાડ | ૧૨૫- | ,, | ગોરીલાલજી શેઠી | |
| ૨૦૧- | ,, | સૂરજબેન વ્રજલાલ શાહ | માટુંગા | ૧૫૨- | ,, | દિગમ્બર જૈન યુવક મંડળ | વઢવાણ |
| ૩૦૩- | ,, | જેઠાલાલ હંસરાજ દોશી | સિકંદ્રાબાદ | ૨૦૧- | ,, | સમરતબેન મૂળજીભાઈ ખારા | મુંબઈ |
| ૭૦૩- | ,, | રમણીકલાલ વીરચંદ મોટાણી | કલકતા | ૨૦૧- | ,, | મંગળભાઈ મૂળજીભાઈ ખારા | મુંબઈ |
| ૨૦૧- | ,, | રતીલાલ માણેકલાલ સંઘવી | મોરબી | ૨૦૧- | ,, | શાન્તિલાલ લલુભાઈ અજમેરા | જલગાંવ |
| ૨૫૫- | ,, | હિંમતભાઈ છોટાલાલ જોબાલીયા | સોનગઢ | ૨૦૧- | ,, | ખુશાલદાસ મોતીચંદ | સોનગઢ |
| ૫૦૨- | ,, | કેશુભાઈ કોઠારી | મુંબઈ | | | હ. અંગાબેન | |
| ૪૫૨- | ,, | નૌતમભાઈ દોશી | ,, | ૪૦૩- | ,, | વસંતલાલ વ્રજલાલ ગાંધી | મુલુંડ |
| ૨૭૭- | ,, | વજુભાઈ જે. શાહ તથા | સોનગઢ | ૫૦૧- | ,, | રમણીકલાલ છગનલાલ | દાદર |
| | | પંડિતજી હિંમતભાઈ જે. શાહ | ,, | ૨૦૧- | ,, | હિમતલાલ મોતીચંદ શાહ | મલાડ |
| ૧૭૭- | ,, | રસીકભાઈ સંઘવી | કલકતા | ૪૦૨- | ,, | જ્ઞાનચંદજી જૈન | દિલ્હી |
| ૧૨૭- | ,, | મંગળદાસ સંઘવી | અમદાવાદ | ૨૦૨- | ,, | શ્રીમતી પન્નાદેવી જૈન | દિલ્હી |
| ૧૨૭- | ,, | શરદભાઈ ચાંદમલજી | ઉજ્જૈન | ૧૦૨- | શ્રી | વીરચંદભાઈ જે માલદે | સોનગઢ |

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં

રૂા. ૪૦૦૨/- શ્રી કાંતીભાઈ અમીચંદભાઈ કામદાર, મદ્રાસ તરફથી

## વૈરાગ્ય સમાચાર:—

* સિંહણનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી રાયશીભાઈ ધરમશીભાઈ શાહ ( વર્ષ-૯૨ ) તા. ૧૫-૮-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી શ્રી મનહરલાલ રેવાશંકર દોશીના બેન પ્રભાવતીબેન ( વર્ષ-૬૨ ) તા. ૨૮-૧૧-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી શ્રી રેવાશંકર તારાચંદ દોશી ( વર્ષ-૮૨ ) તા. ૧-૧૨-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી ( હાલ સુરેન્દ્રનગર ) સ્વ. ફુલચંદ ગુલાબચંદ સંઘવીના ધર્મપત્ની કાંતાબેન ( વર્ષ-૫૯ ) તા. ૩-૧૨-૮૩ ના રોજ સ્વર્ગવાસ પમ્યા છે.

* ઉમરાળાનિવાસી શ્રી રમણીકલાલ મગનલાલ ( વર્ષ-૪૩ ) તા. ૩-૧૨-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી શ્રી વ્રજકુંવરબેન વ્રજલાલ મહેતા તા. ૧૧-૧૨-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે,

* રાજકોટનિવાસી શ્રી અશ્વિનભાઈ શાહ તા. ૧૭-૧૨-૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત સર્વે આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મનું શરણ પામીને, આત્મસંસ્કારો વૃદ્ધિગત કરીને, સંસારસાગર શીઘ્ર પાર ઉતરો એ જ શુભ ભાવના.

—o—

### પ્રવચન રત્નાકર ભાગ ૮ નાં પ્રકાશન સબંધી

ઉપરોક્ત પુસ્તક પરમ પૂજ્ય સદ્‌ગુરૂદેવશ્રીની પુણ્ય તિથિ ઉપર પ્રકાશિત થઈ ગયું છે. જે કોઈ મુમુક્ષુ મંડળને કે ભાઈ-બહેનોને આ પુસ્તક જોઈતા હોય તેમણે નીચેના સરનામેથી મેળવી લેવા વિનંતી :—

[ કિંમત રૂા. ૧૦/- ]

(૧) શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ
૧૩૭/૧૭૫ મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૨

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ ( કાનજીસ્વામીનું ) ૩૬૪૨૫૦

—o—

# * આગમ–મહાસાગરનાં અણુમૂલાં રત્નો *

* મને દીક્ષા ગ્રહણ કર્યા ઘણા વર્ષો થયા છે તથા આ મુનિ મારાથી નાના છે, તેણે આજે દીક્ષા લીધી છે એવો ગર્વ હે મુનિ! તું કદી પણ ન કર. કારણ કે વર્ષ-ગણના મુક્તિનું કારણ નથી. ઘણા કાળના દીક્ષિત મુનિને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો નિયમ નથી કારણ કે ઘણા મુનિ માત્ર ત્રણ દિવસ ચારિત્ર ધારણ કરીને મુક્ત થયા છે અને કેટલાક મુનિ દીક્ષા ધારણ કરીને અંતર્મુહૂર્તમાં જ મુક્ત થયા છે કારણ કે તેઓ વૈરાગ્યમાં તત્પર, ધીર અને સમ્યગ્દર્શનાદિમાં દૃઢ હતાં. તેઓએ અંતર્મૂહુર્તમાં સંપૂર્ણ કર્મોનો વિનાશ કરીને મુક્તિ પ્રાપ્ત કરી છે.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, સમયસાર–અધિકાર, ગાથા–૭૭ )

* વેરી હોય તે પણ ઉપકાર કરવાથી મિત્ર બને છે, તેથી જેને દાન સન્માન આદિ આપવામાં આવે તે શત્રુ પણ પોતાનો અત્યંત પ્રિય મિત્ર બની જાય છે. વળી પુત્ર પણ ઇચ્છિત ભોગ રોકવાથી તથા અપમાન તિરસ્કાર આદિ કરવાથી ક્ષણમાત્રમાં પોતાનો શત્રુ થઇ જાય છે. માટે સંસારમાં કોઈ કોઇનું મિત્ર નથી અને શત્રુ નથી. કાર્ય મુજબ શત્રુપણું અને મિત્રપણું પ્રગટ થાય છે. સ્વજનપણું, પરજનપણું, શત્રુપણું, મિત્રપણું જીવને સ્વભાવથી કોઈની સાથે નથી. ઉપકાર અપકારની અપેક્ષાએ મિત્રપણું શત્રુપણું જાણવું. વસ્તુતઃ કોઇ કોઈનું શત્રુ–મિત્ર નથી માટે કોઈની પ્રત્યે રાગ–દ્વેષ કરવો ઉચિત નથી.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૭૬૧–૬૨ )

* હે ભિક્ષુ! અગર વિષયભોગ સામગ્રીની જ તારી વાંચ્છા હોય તોપણ થોડો સહનશીલ થઈ ધીરજ રાખ. તું જે ભોગાદિને ઇચ્છે છે તેથી પણ વિપુલ અને ઉત્તણ ભોગાદિ દેવલોકમાં છે. ઉત્તમ અને પકવ થતાં ભોજનને જોઈ માત્ર જલાદિ વસ્તુઓ પીઈ–પીઇને ભોજનની સાચી રુચિનો કેમ નાશ કરે છે?

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૧૬૧ )

* ચૈતન્યતત્ત્વ નિશ્ચયથી પોતામાં જ સ્થિત છે, તે ચૈતન્યસ્વરૂપ તત્વને જે અન્ય સ્થાનમાં સ્થિત સમજે છે તે મૂર્ખ મુઠ્ઠીમાં રાખેલી વસ્તુને પ્રયત્ન પૂર્વક વનમાં શોધી રહ્યો છે.

( શ્રી પદ્મનંદી આચાર્ય, સદ્બોધ ચંદ્રોદય અધિકાર, શ્લોક–૯ )

—o—

*** વાંચનમાં પણ અભેદની જ વાત કાઢે ***

એના શ્રદ્ધાનમાં આનું આ અભેદનું (-ત્રિકાળી ધ્રુવનું) આવે, એના જ્ઞાનમાં આ આવે, એના વીર્યમાં, એના લક્ષમાં આ એક જ વાત રહે એટલે વાંચનમાં પણ એ જ વાત કાઢે એટલે પક્ષ પણ એનો જ રહ્યાં કરે એટલે ઘોલન પણ એનું જ રહ્યાં કરે.

મૂળ વાત જ આમ છે ને!

તા. ૧૬-૧૨-૬૨ —પૂજ્ય ગુરુદેવશ્રી

*** ત્રણકાળનો અફર સિદ્ધાંત ***

અંતર્મુખની ભક્તિથી જ લાભ થાય છે—એ ત્રણ કાળનો સિદ્ધાંત છે; બહિર્મુખનો જેટલો ભાગ તેનાથી લાભ નથી, આ સિદ્ધાંત છે.

તા. ૧૭-૧૨-૬૨ —પૂજ્ય ગુરુદેવશ્રી

* અરે પ્રભુ! ક્યાંનો તું અને ક્યાંનું આ પિંજર! અને ક્યાંના આ રાગદ્વેષ!!

તા. ૨૬-૧૨-૬૨ —પૂજ્ય ગુરુદેવશ્રી

* અહીં તો એક જ વાત છે કે ભાઈ! તારા ચૈતન્યના પુંજની નિધિને સંભાળ, બાકી ... જે થવાનું હશે તે થશે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

Licence No. 3
'Licensed to post without prepayment'

If not delivered please return to,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250

TO,
356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું)